
# અધ્યાત્મ



વર્ષ : ૧૧ એપ્રિલ–૧૯૯૧ અંક : ૭

## સદ્‌ભાવભરી સહાય

અધ્યાત્મ માસિકને પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધાભક્તિ રાખનાર વાંચકો ભેટ મોકલતા રહે છે. આ માસિકને તેઓ પોતાનું છે એમ સમજીને તેને સહાય કરવાનું ચૂકતા નથી. અમે તે સહુ ભાઈબહેનોના ઋણી છીએ, અને તેઓને સહાય મોકલવા બદલ અભિનંદીએ છીએ. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂા.

૨૯૦ શ્રી મોરારભાઈ મિસ્ત્રી, યુ. કે.—(અગાઉ આપેલ)

૨૦૧ શ્રી ગોવિંદભાઈ દયારામભાઈ ભક્ત, સરઈ તરફથી પુત્રને લકવાની બિમારી દૂર થઈ જતાં.

૨૫ શ્રી મેઘરાજભાઈ હેંદુજી પુરોહિત, કુંડી.

૨૫ શ્રી જમનાદાસ ઠાકરસી કલોલા, ખોરાસાગીર.

૨૫ શ્રી ગોરધનભાઈ રણછોડભાઈ, ખારોસાગીર.

૧૨૫ શ્રી છોટુભાઈ નાથુભાઈ પટેલ, સુરત.

૪૨૬ શ્રી જે. પી. મિસ્ત્રી, કડી પાણી.

૨૫ શ્રી હેમલતા જસુભાઈ સુથાર, ગુંડીચા.

૧૫૧ શ્રી મોરારભાઈ મિસ્ત્રી, ર૭બી—અંબાજીમાં મળ્યા.

૧૫૧ શ્રી મનુબેન ઠાકોરભાઈ ભક્ત, ર૭બી.

૧૦૦ એક ભક્ત તરફથી.

૨૧ શ્રી મહેન્દ્રભાઈ પંડયા, વડોદરા—અંબાજીમાં પૂ. માના પ્રથમ દર્શન થતાં.

(અનુસંધાન અંદરના પાના નં. ૧૩)

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| સદ્ભાવભરી સહાય | — | ૧૩ |
| યાદગાર શિબિર | તંત્રી | ૧૬ |
| તવ પદપંકજ સ્પર્શ–(૨) | ગોરધનભાઈ કલોલા | ૩૧ |
| મહિમા જાણ્યા સિવાય સંતની ઓળખ ન થાય | રોહિત જાની | ૩૮ |
| મા શ્રી શ્રી શારદાદેવી અને શિષ્યો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૩ |
| દૃષ્ટિ – પરિવર્તન | રતિલાલ ભાવસાર | ૪૯ |
| શ્રીમદ્ ભાગવતમાંથી આટલું જાણો-૫ | પ્રા. જનાર્દનભાઈ દવે | ૫૦ |
| પૂર્ણ માનવ | ભાઈલાલભાઈ છાટબાર | ૫૨ |
| यज्ञानाम् जपयज्ञोऽस्मि । | જ્યોત્સનાબેન ત્રિવેદી | ૫૫ |
| ઉમદા ભાવો ને ઉત્તમ વિચારો–કણિકાઓ | યોગેશ્વરજી | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ એપ્રિલ–૧૯૯૧ અંક : ૭

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૬, આસો સુદ અગિયારસ, તા. ૩/૧૧/૮૦**
**સોમવાર, છાંટાથી મોદીનગર**

છાંટાના રેસ્ટ હાઉસમાં વિશ્રામ કરી સવારે ૮ વાગે દિલ્હી તરફ જવા નીકળ્યા.

આજે અમારી ગાડીમાં શ્રીહરિ, શ્રી ગોપાલ હતા. પૂ. શ્રીએ આગ્રામાં રાધાસ્વામી સંપ્રદાયના સ્થાનમાં ચાલતા સત્સંગમાં ગવાતાં પદોના ઢાળમાં નીચે મુજબ ગાવાનું શરૂ કર્યું:–

ગુરુ ઉપર શ્રદ્ધા રાખવી, શંકા ના કરવી. લાંબા થઈને પ્રણામ કરો પણ ગુરુ કહે તેમાં, ગુરુ જે કરે તેમાં વિશ્વાસ રાખવો. શ્રદ્ધા ગિરિશ ઘોષ જેવી રાખવી, શ્રદ્ધા નાગમહાશય જેવી રાખવી, શ્રદ્ધા શારદામણિ દેવી જેવી રાખવી વગેરે.

સર્વેશ્વરીઃ—શારદામણિ દેવી તો એક નાનકડી ઓરડીમાં રહેતાં હતાં. તેને તો શ્રદ્ધા રાખવી જ પડે ને?

પૂ. શ્રીઃ—(ગાતાં ગાતાં) એ તો જેવો જમાનો. ત્યારે ગાડામાં પણ સાથે નહિ, अब तो हवाइ जहाजमे फरतें है । चक्रवृद्धि व्याज के साथ फरतें है ।

અમે સૌએ પ્રસન્નતાથી પૂ. શ્રીની આ નવી ઢબ (સત્સંગની)ને વધાવી લીધી.

વળી પૂ. શ્રી સ્વામી પ્રેમરૂપાનંદને યાદ કરતાં કહે છેઃ—મેં તો એ જ એક સંત રામકૃષ્ણ મિશનના જોયા, જેઓએ મારું પ્રવચન સાંભળી કહ્યું, "યોગેશ્વરજીને સાંભળીએ છીએ ત્યારે આપણા ગુરુદેવની વાણી સાંભળતા હોઈએ એવું લાગે છે; એ જ રીતે સ્વામી સોહમ્‌ને યાદ કર્યા, જેઓ અમેરિકામાં મળ્યા હતા. પોતાનો આરામનો સમય છોડીને એક કલાક ત્યાં વાતો કરી હતી."

વળી આગળ સત્સંગ ચાલ્યો. સત્સંગીમાં શ્રીહરિ, શ્રી ગોપાલ, શ્રી શાંતિભાઈ ને શ્રી સર્વેશ્વરી હતાં—સત્સંગ ચાલુ અને ગાડી પણ દિલ્હી તરફ દોડી રહી હતી.

પ્રાર્થના જપ કરો છો? પૂ. શ્રીએ વચ્ચે શ્રી શાંતિભાઈને પ્રશ્ન પૂછ્યો. તમે ક્યારે કરો છો? વળી કહે છે.

"જુઓ, શાંતિભાઈ, શારદામણિદેવીનો અવતાર એટલે શું તે પણ સમજવા જેવું છે. શારદાદેવીનો અવતાર એટલે તે જ પાછા આવે એવું નહીં, જેમ અગ્નિમાંથી તણખો બહાર આવે ને પાછો સમાઈ જાય તેમ જગદમ્બાના સ્વરૂપમાંથી એક રૂપ બહાર આવે તો શા તે ફરી સમાઈ જાય. વળી બીજો એક તણખો (બીજું



એકરૂપ) બહાર આવે તે સર્વેશ્વરીના રૂપમાં. વળી એક તણખો તે ચંદ્રામણિદેવી બીજો તણખો એટલે જ્યોતિર્મયી માતા. આમ એ સૌ સૂક્ષ્મ રીતે રહેતાં જ નથી. કાર્ય પૂર્ણ થાય એટલે મૂળસ્વરૂપમાં ભળી જાય."

સત્સંગ સાથે ગાડી આગળ ચાલી રહી હતી. દિલ્હી આવી ગયું.

રાજઘાટ, શાંતિઘાટ, તીનમૂર્તિ, બિરલા હાઉસ વગેરે જોઈ લીધાં.

દિલ્હીથી બહાર નીકળી ગયા. પૂ. શ્રીએ દિલ્હીના સ્થાનો જોતાં કહ્યું કે જેની જેટલી ભૂમિકા તેવું જ તે જુએ. આંખને કેળવો તો કણ કણમાં ભગવાન દેખાશે. જોતાં નહીં શીખો તો આખા વિશ્વમાં ભગવાન દેખાશે જ નહિ, વિગેરે.

દિલ્હીથી ગાઝીયાબાદ થઈ મોદીનગરના માર્ગે થોડેક દૂર (ગાઝીયાબાદની બહાર) ખેતરમાં આજે સૌ ભક્તોએ એકાદશીનો ફળાહાર કર્યો. આરામ બાદ ગાડી મોદીનગરના માર્ગે આગળ ચાલી ત્યારે ઘડિયાળમાં પોણા પાંચ વાગી ગયા. ગેસ્ટ હાઉસ પ્રયત્નને અંતે મળ્યું.

સુંદર સગવડે, શાંત સ્થળમાં આ યાત્રા વિશ્રામ પામી, કાયમ માટે નહિ, એક રાતના થોડા કલાકો માટે.

આજે પ્રાર્થના કરી, દૂધ પીધું. સૌએ વિશ્રામ કર્યો. થાકને લીધે સત્સંગ થયો જ નહિ.

આરામ આરામ આરામ. હરિઃ ૐ

### સંવત ૨૦૩૬, આસો સુદ બારસ, તા. ૪/૧૧/૮૦
### મંગળવાર, મોદીનગરથી ઋષિકેશ

આજે યાત્રાનો આઠમો દિવસ શરૂ થયો. પૂ. માતાજીના સ્વર્ગવાસને બરાબર એક માસ થયો.

સવારે દરરોજ કરતાં યાત્રા જલ્દી શરૂ થઇ, લગભગ સવાસાતે અમે હરિદ્વાર જવા નીકળી ગયા. વચ્ચે રૂડકી મોટું સ્થાન આવ્યું.

પૂ. શ્રીઃ—રૂડકીથી હિમાલયની હવા શરૂ થાય અને હરિદ્વાર હરિનું દ્વાર કહેવાય.

શ્રી વિનુભાઇઃ—બદ્રીકેદાર કેટલું દૂર?

પૂ. શ્રીઃ—એક દિવસની મુસાફરી એતો બદ્રી—કેદાર આવે. અમે માતાજી સાથે ૧૯૪૪ માં પગે ચાલીને ચારે ધામની યાત્રા બે મહિનામાં કરી હતી. ત્યાંના રસ્તાઓ વળાંકવાળા વિશેષ હોય છે. જુઓને જીવન પણ કેટલાય વળાંકોવાળું હોય છે. કોઇવાર સુખ, વળી દુઃખ, કોઇવાર કોઇ ફૂલો ધરે તો વળી કોઇ ફૂલો ઝૂંટવી લે.

તમને દેવપ્રયાગ જોઇને આનંદ આવશે. ક્યાં ગુજરાતનું નાનકડું ગામ ને ક્યાં દેવપ્રયાગ! છતાં માતાજી પણ રહ્યાં. હિન્દી આવડે નહીં, એવામાં રહ્યાં. અમારે પણ એકલા તપવાનું હશે. નાનકડી ઉંમર, કેવી જગ્યા તમને થશે કે અહીં કેવી રીતે રહી શકાય! જન્મ ક્યાં ગુજરાતના નાનકડા ગામમાં અને ક્યાં તપ થયું?

"જુઓને માના જીવનનો વળાંક પણ કેવો! દક્ષિણની યાત્રા થવી. દીક્ષા આપવી, મારે માંદગી આવવી, રાજીનામું



આપવું, માતાજીની માંદગી, માતાજીના શબ્દો તમે સાથે જ રહેશો. જાણે બધી ઘટનાઓ પૂર્વયોજિત હોય તેવું લાગે."

માતાજીના સુખદ સ્મરણોનું સ્મરણ કરતાં કરતાં તો હરિદ્વાર આવી પણ ગયું. પૂ. શ્રીએ સીધા કનખલ લઇ જવાનું કહ્યું હતું. ત્યાંના સ્થાનોમાં મહત્ત્વનું સ્થાન જોયું.

દક્ષ પ્રજાપતિનું મંદિર જ્યાં દક્ષની પુત્રી પાર્વતીએ દક્ષના યજ્ઞમાં શંકરનું સ્થાન ન હોવાથી પ્રાણાર્પણ કર્યું તે સ્થાન જોયું.

ફોટાઓ લીધા. હરિદ્વાર હરકી પેઢીનાં દર્શન કરી આર્ય-નિવાસમાં ભોજન લીધું. ભોજન બાદ બહાર ગાડીમાં સૌ બેઠા.

ત્યાં જ વડોદરામાં પ્રવચન જેમણે સાંભળેલું તે ભાઇએ (અજાણ્યા) પૂ. શ્રીને જોયા એટલે દર્શન કરવા આવ્યા. તેમને પૂ. શ્રીએ ઋષિકેશ મસુરી ક્યાં ઉતરશો ને ભોજન ક્યાં કરશો તે માહિતી આપી. ગઇકાલે શાંતિવન દિલ્હીમાં પણ અમદાવાદના એક ભાઇ (જે અધ્યાત્મના આજીવન સભ્ય છે) મળ્યા. પૂ. શ્રીએ તેમને પણ યાત્રાની વિગતવાર નોંધ કરાવી.

વડોદરાના ભાઇઓએ પૂ. શ્રીને ભેટ ધરી પૂ. શ્રીએ કહ્યું, "યાત્રામાં જરૂર પડે માટે તમે રાખો. તો પણ તેઓએ ખૂબ આગ્રહ કરીને ભેટ આપી."

ગાડી ચાલી. પૂ. શ્રી કહેવા લાગ્યાં, "જુઓ અમે તો કલ્પવૃક્ષની નીચે બેઠા છીએ."

' ન માગે દોડતું આવે. '

"નોકરી પ્રભુની ખૂબ પ્રામાણિકતાથી કરી, નહીં દગો કે નહીં છળ, કે નહીં કપટ. એટલે જ પેન્શન પાક્યું. અમારે તો કઇ

નોકરી? દુકાન કે એન્જિન થોડાં બને છે? છતાં ન માગીએ તો દોડતું આવે છે."

"અને જે માગે ત્યાંથી સૌ ભાગે (હરકી પેઢી પર એક બાઇ ગાડી સાચવવાના ચાર રૂપિયા માગતી હતી. એક રૂપિયો આપી ગાડી ભાગી તેના અનુસંધાનમાં પૂ. શ્રીએ કહ્યું) તે તમે જોયું ને હમણાં જ."

"વડોદરાવાળા ભાઇને હું ઓળખતો પણ નથી. નજરબાગમાં પ્રવચન સાંભળ્યાં હશે. તેઓ મસૂરી જનાર છે." મેં કહ્યું, "ચાલો અમારી સાથે જ." તો કહો કાલે નીકળશું. "મેં તેમને યાત્રાની થોડી સમજ આપી."

અમે તો જીવનયાત્રાનો રસ્તો સરળ રસ્તો—વગર ભાડે ને વગર માગે બતાવીએ છીએ. કોઇ વળી રડતા, કકળતા જીવનયાત્રાનો રસ્તો કાપે, કોઇ વળી અમનચમન કરીને કાપે. અમે તો શાંતિથી સહુને રસ્તો બતાવીએ. એ જ અમારો ધંધો છે. એ જ ધંધો અમે કર્યો છે વિગેરે.

હરિદ્વારથી ઋષિકેશ જતાં નદીમાં પાણી ન હતું સર્વેશ્વરીએ આશ્ચર્ય પ્રગટ કર્યું. પૂ. શ્રી કહે, "નદી તો ચોમાસામાં થોડી ભરાઇ જાય ને વળી શિયાળા, ઉનાળામાં સુકાઇ જાય. જેમ સાધકો સંતો પાસે આવે એટલે થોડાક વૈરાગ્યથી ભરાય, વળી દૂર જાય એટલે સાધકો ઢબુકિયા (ઠલવાઇ) જાય."

"અમે આ તરફ આવીએ એટલે અમારી જગ્યામાં જ આવ્યા એવો આનંદ થાય. જન્મ્યા ત્યારથી જેટલું ત્યાં રહ્યા તેનાથી ઘણું વધારે આ તરફ જ રહેવાનું થયું છે. છેક ૧૯૪૦ થી



આ તરફ એટલે આનંદ આવે. આ જંગલોમાં તમે અંદર ચાલ્યા જાવ તો આનંદ જ આનંદ આવે."

સત્સંગ પૂર્ણ થયો. હરિઃ ૐ

વગેરે વાતો ચાલતી હતી, ત્યાં જ ઋષિકેશ આવવાની તૈયારી હતી, આરામ માટે ઋષિકેશ જ્યારે ત્રણ કીલોમીટર રહ્યું ત્યારે એક નાના માર્ગ ઉપર ગાડી જંગલમાં લઇ એક જૂની કાલી કમલીવાળા દ્વાર નામના ખંડિયેર જેવા સ્થાનમાં વિશાળ વટવૃક્ષ નીચે આરામનું સ્થળ શોધ્યું. ત્યાં શુક્લ કુટુંબ રહેતું હતું. તેમણે ચાર પાંચ પલંગો આરામ માટે આપ્યા. સૌએ પલંગ ઉપર પોતાનું શરીર લંબાવ્યું.

પૂ. શ્રી પણ પલંગ પાસે વિનુભાઇ સાથે ઊભા હોય એવો ફોટો ત્યાં લેવા દીધો. પૂ. શ્રીએ લેખન કર્યું.

ત્રણ વાગ્યે પૂ. શ્રીએ હરિ ૐ કહ્યું એટલે સૌ તૈયાર થઇ ગયા. ગાડી ઋષિકેશ તરફ દોડવા લાગી. માર્ગમાં વિચાર્યું કે આજે ઋષિકેશ રહેવા, જોવાને બદલે દેવપ્રયાગ (પૂ. શ્રીની તપોભૂમિ) સુધી ચાલ્યા જઇએ તો!

ઋષિકેશમાં ત્રિવેણીઘાટ ઉપર ગયા. સુંદર ગંગાજીનો સ્વચ્છ પવિત્ર પ્રવાહ ઘૂબ ઝડપથી વહી રહ્યો હતો, જ્યાં પૂ. શ્રી ને માતાજી દરેક વખતે સ્નાન કરતાં. તે જ જગ્યા ઉપર અમે સૌ ગયા.

પૂ. શ્રીએ અસ્થિ વિસર્જન કર્યાં. માતાજીની ટેવ મુજબ પૂ. શ્રીએ બે ફૂલના દડીઆ લેવડાવ્યા. જેમને સર્વેશ્વરીએ નદીમાં પ્રવાહીત કર્યાં. અસ્થિ વિસર્જન બાદ પૂ. શ્રી શાંતિભાઇને કહેવા

લાગ્યા, "આ ગંગાજળ છે. રામકૃષ્ણદેવ કહેતા જે ગંગાના પાણીને પાણી, વૃંદાવનની રજ, ને જગન્નાથના પ્રસાદને સામાન્ય પ્રસાદ માને છે, તે ભૂલ કરે છે. ગંગાનું પાણી, પાણી નથી, ગંગાજળ છે. એ રીતે સર્વેશ્વરીને જે સામાન્ય સ્રી માનશે, તે ભૂલ કરે છે. એ તો જગદંબાનું જ પ્રગટ સ્વરૂપ છે."

ઋષિકેશથી ૩ાા વાગે પર્વતીય માર્ગે દેવપ્રયાગની પવિત્ર ભૂમિ તરફ અમારી ગાડી આગળ વધી. લગભગ સવા છ વાગે દેવપ્રયાગ આવી ગયા. વળાંક ને સતત ગંગાદર્શનનું એ દૃશ્ય પૂરા સવા ત્રણ કલાક રહ્યું. આનંદ થયો.

સવા છ વાગે દેવપ્રયાગમાં આવી, મોહનલાલની મદદથી ગેસ્ટહાઉસમાં ઉતર્યાં. પૂ. શ્રીએ સત્સંગ પ્રાર્થના ધ્યાનની દોરવણી આપી. આરામ કર્યો.

સત્સંગનો વાર્તાલાપ નીચે મુજબનો હતોઃ—

"કેટલાંક સ્થળોની શાંતિ એવી હોય છે કે બોલવાથી (શબ્દોથી) શાંતિને આઘાત પહોંચાડતા હોઈએ એવું લાગે. શાંતિને માર મારતા હોઈએ એવું લાગે. બોલવાની અહીં જરૂર જ નથી હોતી. દેવપ્રયાગની આ ભૂમિ પંડાઓની છે, અહીંના પંડાઓ સાધના કરનાર સંતોને ઘેર બેઠાં ભોજન પહોંચાડે એવા સેવાભાવી નથી. સંતો પાસે ચા, ગાંજા, ચલમ માટે જાય. જ્ઞાનની દૃષ્ટિએ કોઈ ન આવે. વળી આ ભૂમિમાં મારે રહેવાનું થયું, તો ઘણું કપરું હતું. ભિક્ષા માંગવી નહીં, ભિક્ષા લેવી નહીં, ચા પીવી નહીં, ચા પાવી નહીં, ચલમ ગાંજા પીવા નહીં, પાવા નહીં, એટલે ખાસ કોઈ આવે નહીં."



"દેવપ્રયાગની ભૂમિમાં અન્નક્ષેત્રો નથી, એટલે અહીં કોઈ રહે જ નહીં."

"ગામમાં રઘુનાથજીનું મંદિર છે તેની પાછળ ગુફામાં એક બંગાળી સાધુ રહેતા. ઉચ્ચકોટિના હશે. તેઓ બદરીકેદારની યાત્રા કરી પાછા ફરતાં અહીં ગમ્યું, એટલે રહ્યા. તેઓનું શરીર પણ અહીં જ શાંત થયું. તેમની સેવામાં જે રહેતા તેઓ વાત કરતા કે બંગાળી મહાત્મા કહેતા કે આ કઠોરભૂમિ છે. એક મહાત્મા આવશે, આ ભૂમિમાં તપ કરશે ને ખૂબ ખૂબ પ્રસિદ્ધ થશે વગેરે. તેઓને મેં નહોતા જોયા, વાત સાંભળેલી અને એ પછી મારે જ આવવાનું થયું, રહેવાનું થયું, સાધના થઈ શકી."

"સૌ પ્રથમ અહીં ૧૯૪૩ માં આવ્યા અને દશરથાચલ પર્વત ઉપર રહ્યા. ૧૯૪૪ માં ઉત્તર કાશી ગયો, ૧૯૪૫ માં પાછો આવ્યો. ૧૯૪૫ થી ૧૯૫૨ સુધી અહીં રહેવાનું બન્યું. આ ભૂમિમાં કઠોર સાધના થઈ, પરિણામે જે જે સંકલ્પ થયા તે તે કાર્ય અહીં પૂર્ણ થતું. આ ભૂમિ પવિત્ર અને શક્તિશાળી હોય એવું લાગ્યું."

"૧૯૪૨ માં દેવકીબાઈની ધર્મશાળામાં અમદાવાદથી એક કુટુંબ યાત્રાએ આવેલું. તેની સાથે તેમના આગ્રહથી અહીં પ્રથમવાર ચક્રધર જોષીને ત્યાં આવવાનું થયેલું. ત્યારથી આ જગ્યા ખૂબ ગમી ગયેલી."

"વળી દશરથાચલ પર્વત ઉપર પણ એ કુટુંબ સાથે જ હું ગયેલો. એટલે અહીં આવવામાં એ કુટુંબ નિમિત્ત બન્યું. તો અહીં કુટિયામાં રહેવાના કાર્યમાં શ્રી ચક્રધરજી નિમિત્ત બન્યા."

"અહીં બે નદીઓ આવે છે. એક અલકનંદા ને બીજી ભાગિરથી. બંનેનો અહીં સંગમ થાય છે. અહીંથી ગંગા નામ ધારણ થાય છે."

"અહીં એક લખનદાસ નામના સાધુ રહેતા. તેઓ ભિક્ષા માગીને જીવન જીવતા. તેઓએ કેળાનો બગીચો કરેલો. તે એવું માનતા કે આપણે સાધના કરવાની શું જરૂર? આવા આવા સાધુઓ અહીં રહે, સાધના કરે નહીં. રખડવું ને માગીને ખાવું. બસ એ જ પ્રવૃત્તિ."

"આ કઠોરભૂમિમાં માતાજી પણ આવીને રહ્યાં. કાલે તમે કુટિયા વગેરે જોશો તો આનંદ આવશે, ખ્યાલ આવશે કે કેવામાં અમે રહ્યા. કેવું તપ થયું વગેરે. સત્સંગ બાદ અલ્પાહાર લઈ સહુએ આરામ કર્યો." હરિઃ ૐ

( ક્રમશઃ )

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

રૂા.
૫૧ શ્રી શશિકાન્ત એમ. કોન્ટ્રેક્ટર.
૧૦૧ શ્રી મગનભાઇ મોતીભાઇ લીંબાચિયા, ભરૂચ.
૫૧ ડૉ. નટવરલાલ કાપડીઆ, સુરત.
૫૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૨૫ શ્રી ચંદ્રકાન્તભાઇ બી. ટેલર, રાંદેર.
૫૧ શ્રી અનસૂયાબેન ભટ્ટ, વડોદરા—પુત્ર ભાવેન્દુને પગાર વધારો થતાં.
૨૧ શ્રી ગુલાબબેન રામભાઇ ભક્ત, વાવ.
૨૧ શ્રી ઈશ્વરભાઇ રામભાઇ ભક્ત, વાવ.
૫૧ શ્રી સીતારામભાઇ રામભાઇ.
૫૧ શ્રી દેવીબેન સીતારામભાઇ.
૨૧ શ્રી વૈશાલીબેન સીતારામભાઇ ભક્ત.
૧૦૧ શ્રી લલિતાબેન કાલીદાસ કોટેચા, (કેનેડા) હા. શ્રી ભાઇ-શંકરભાઇ ત્રિવેદી, ખેડબ્રહ્મા.
૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત.
૨૧ શ્રી જાગૃતિબેન અશ્વિનભાઇ ટેલર, વડોદરા.
૫૧ શ્રી કપિલાબેન કનુભાઇ મિસ્ત્રી, વડોદરા—પિતાજી એટેક-માંથી બચી ગયા તે નિમિત્તે.
૨૫ શ્રી નયનાબેન શિવકુમાર ખરાદી, સંખેડા.
૨૫ શ્રીમણીલાલ મગનલાલ લાડ, પરવટ.

૧૨૫ શ્રી ધીરજભાઇ મોધરિયા, ધાંગધ્રા.
૪૧ શ્રી પ્રવીણભાઇ સી. સોરઠિયા, સુરત.
૧૨૫ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, ડભોઇ.
૧૦૧ શ્રી શશિકાન્ત ગણપતરાવ પુણેકર, વડોદરા.
૧૫૧ શ્રી હીનાબેન અશોકભાઇ પટેલ, સુરત–શિવશક્તિ સીવણ-વર્ગ શરૂ કરતાં.
૧૦૧ શ્રી કૈલાસબેન કંચનલાલ પટેલ, સુરત.
૧૦૧ શ્રી પ્રીતિ, યોગેને અને મુક્તેશ્વરી, (શ્રી કંચનભાઇનાં બાળકો.)
૨૫ શ્રી સનતકુમાર ચંપકભાઇ પટેલ, બરબોધન.
૧૦૦ શ્રી દીનેશ પ્રાણજીવન રાણા, સુરત.
૧૦૧ શ્રી તૃપ્તિ વૈદ્ય, સુરત–પુત્રજન્મ નિમિત્તે.
૨૫ એક સાધક ભાઇ તરફથી, સુરત.
૧૦૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જાપી, મુંબઇ.
૫૧ ગં. સ્વ. શ્રી હીરાગૌરી જમીયતરામ જાપી, મુંબઇ..
૨૧ શ્રી દમયંતીબેન ઝવેરીલાલ રાવલ, મુંબઇ.
૧૦૧ શ્રી છગનલાલ સોરઠિયા, સુરત.
૫૧ શ્રી હીરાલાલ ત્રિ. મહેતા (સોરઠિયા), સુરત.
૨૫૧ અવ્યાય કલેક્શન, સુરત–હા. કંચનભાઇ પટેલ.
૧૧ શ્રી નીરજકુમાર મગનભાઇ પટેલ, ઇલેક્ટ્રીશીયન.
૫૧ શ્રી ચંદ્રકાન્ત પંડયા, રાજકોટ.
૧૦૧ શ્રી હસુમતીબેન ચંદ્રકાન્ત પંડ્યા, રાજકોટ અનુકૂળ સ્થળે બદલી થતાં.
૨૧ શ્રી મીનાક્ષીબેન ચાવડા તરફથી બેન તૃપ્તિના લગ્ન પ્રસંગે.
૨૧ શ્રી સરલાબેન તરફથી રાજુના લગ્ન પ્રસંગે.



૫૧ શ્રી લલ્લુભાઇ નરોત્તમભાઇ પટેલ, સુરત–સ્વ. પુત્ર જયેશ-કુમારના સ્મરણાર્થે.
૨૫૧ શ્રી મનસુખલાલ કાનજીભાઇ સારંગ, પુત્રી મયૂરીનાં જોહાનિસ્બર્ગ (આફ્રિકામાં) લગ્ન સારી રીતે થતાં.
૨૧ શ્રી અનંતભાઇ સુંદરજી કારિયા, ભાવનગર.
૨૧ મુંબઇના એક યુવાન સાધક તરફથી.
૧૦ શ્રી ધીરજભાઇ શાહ, મુંબઇ.
૫૧ શ્રી ભાનુબેન મનસુખભાઇ જોષી, પોરબંદર.
૧૦ શ્રી છગનભાઇ પ્રજાપતિ.


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

અંબાજી ખાતેની એક અનોખી ને

# યાદગાર શિબિર

તંત્રી

## સ્થળ પસંદગી

(નોંધઃ—આ અંકમાં અંબાજીની શિબિરનો ખાસ વિસ્તૃત અહેવાલ મૂકવામાં આવ્યો છે. પરિણામે બીજા લેખોનો સમાવેશ વધુ કરી શકાયો નથી. વળી આ સમગ્ર અહેવાલ કેવળ સ્મૃતિ આધારે અક્ષરદેહ પામ્યો છે; એથી સંભવ છે કે એમાં કોઇ નામોનો ઉલ્લેખ કરવો રહી ગયો હોય. તો લાગતા વળગતા ક્ષમા કરે. – તંત્રી)

આ વર્ષે અંબાજીના તીર્થધામમાં એક સરસ પાંચ દિવસની ધ્યાન સાધના શિબિર સ્વર્ગારોહણ—પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહમાં થઇ. તા. ૧૭ માર્ચથી તા. ૨૧ માર્ચ ૧૯૯૧ ના એ પાંચ દિવસ શિબિરાર્થીઓના જીવનના યાદગાર દિવસો બની ગયા.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની અધ્યક્ષતામાં આ શિબિર યોજવાનું સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે આયોજન કર્યું. માર્ચ મહિનો એટલે કેટલીક પરીક્ષાઓના પ્રારંભનો મહિનો. એથી કેટલાક વાલીઓ ને શિક્ષકોને તેમાં જોડાવાની મુશ્કેલી પડે. વળી અંબાજીનું સ્થાન એટલે ગુજરાત રાજ્યના છેક ઉત્તર છેડાનું દૂરનું સ્થળ. એથી આવવા જવાનો ખર્ચ પણ ઘણો થાય. એથી આ શિબિરમાં કેટલા જોડાશે? એની કોઇ ચોક્કસ ગણતરી મૂકી શકાય નહિ.



વળી શિબિરના આયોજનમાં સ્થાનિક અંબાજીના લોકોનો કોઇ સાથ સહકાર નહિ. એથી એમાં ભાગ લેનારાઓની સંખ્યા વિષે ને આયોજનની સફળતા વિષે પ્રારંભમાં દ્વિધા રહી. છતાં મેનેજર શ્રી બાલુભાઇ અને તેમનાં ધર્મપત્ની વિમળાબેને શરૂથી જ પૂરા ઉત્સાહથી કામ આરંભ્યું ને સહુને સતત આવકારતાં રહ્યાં. પરંતુ જે કાર્યની પાછળ પ્રભુની કૃપાનું પીઠબળ હોય, તેમાં નિષ્ફળતાને અવકાશ જ ક્યાં? પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની પ્રેરણા મુજબ પૂ. માનો આ સંકલ્પ. એટલે એને પૂર્ણ કરવાની જવાબદારી પણ એ મહાપુરુષની જ ગણાય. આપણે એની ચિન્તા શાની? શરૂથી જ પૂ. માનો આ સ્પષ્ટ અભિગમ; અને થયું પણ એમ જ.

## શિબિરનું આયોજન

ટ્રસ્ટે બીતાં બીતાં બસો સાધકોના આગમનની આશા રાખેલી. ધીમે ધીમે આંકડો વધતો ગયો. એટલે શિબિરના પ્રારંભ પહેલાં ૨૭૫ શિબિરાર્થીઓના ઉતારાની વ્યવસ્થા વિવિધ વિશ્રામગૃહોમાં કરવામાં આવેલી. અને શિબિર દરમ્યાન આ આંકડો ૩૫૦ સાધકો સુધી પહોંચી ગયો. છતાં કોઇ સાધકોએ કશી ફરિયાદ ન કરી. સહુ પોતપોતાની રીતે ગોઠવાઇ ગયા. દૂધમાં સાકર ભળી જાય તેમ બીજાઓ સાથે સમાઇ ગયા. કોઈકે પોતાની રીતે સ્વતંત્ર વ્યવસ્થા કરી લીધી.

શિબિરના આરંભમાં જ પૂ. માએ ખાસ સૂચના આપતાં જણાવ્યું કે આ શિબિર એક સહજીવનના પાઠો પૂરી પાડતી તાલીમ છે. એમાં અગવડો તો પડવાની—રહેવાની ને ખાવાની. છતાં આપણા સહુનુ લક્ષ્ય ભૌતિક સુવિધાઓ નથી. આધ્યાત્મિક ક્ષેત્રની—આધ્યાત્મિક જીવનની તાલીમનું છે. એટલે કોઇ કશી

ફરિયાદ ન કરે એવી વિનંતિ છે.

## પૂર્વ તૈયારી

શિબિરનું મુખ્ય સ્થળ સ્વર્ગારોહણ રાખવામાં આવેલું. એમાં ૮૦ કરતાં વધુ સાધકોને સમાવવામાં આવેલા. એના પ્રાંગણમાં ૫૦૦ સાધકો બેસી શકે એવો સરસ સમિયાણો ઊભો કરવામાં આવ્યો. પાછળના ભાગની પૂ. માએ ઊભી કરેલ કુટિયાના સ્થાનમાં નવી આરસની કુટિયા બની રહી છે. હાલ તે સ્થાન ખાલી હતું. ત્યાં એક તંબુની કુટિયા રાતોરાત ઊભી કરવામાં આવી, જેને સાધક ભાઈબહેનોએ તાડનાં પાનાંઓથી પરિશ્રમ-પૂર્વક સરસ રીતે સજાવી.

વળી શિબિરના આયોજન પહેલાં દસ દિવસ અગાઉ કેટલાંક ભાઈબહેનો આવી ગયેલાં. પૂ. મા પણ તા. ૯ માર્ચના રોજ આવી ગયેલાં. સુરતના શ્રી કંચનભાઈ પટેલ તેઓના છ માણસો સાથે સ્વર્ગારોહણને રંગવા આવી પહોંચેલા. તો પાલનપુરથી શ્રી વિજયભાઈ પુરોહિત (બાપજી) અને તેમનાં બેન ચંપાબેન તો વડોદરાથી શ્રી પંડિત, શ્રી મહાલતાબેન, શ્રી મંજુલાબેન ભાવસાર, અને શ્રી મંજુબેન અમીન તથા મુંબઈથી શ્રી નીલાબેન ભટ્ટ પણ આવેલાં આ ઉપરાંત ભાવનગરથી શ્રી નલિનીબેન, શ્રી રંજનબેન તેમ જ મને અને મારાં પત્ની સરસ્વતીને પણ એમાં જોડાવાનું સૌભાગ્ય મળેલું. આ સહુએ સ્વર્ગારોહણને રંગોથી સજાવવાનું કાર્ય પૂ. માના આગમન પહેલાં કર્યું તો પૂ. માની ઉપસ્થિતિમાં પ્રાર્થનાખંડને પણ આ બધાંએ સાથે મળી સરસ રીતે રંગી, એની સીકલ જ ફેરવી નાંખી. આ બધા પરિશ્રમયુક્ત કાર્યોમાં પૂ. માની પ્રેરણા જ નહિ પરંતુ મોડી



રાતો સુધીની પ્રત્યક્ષ હાજરી—નવી ચેતના પૂરતી. પૂ. મા કામોથી થાકેલાઓને વિનોદથી ને સ્નેહાર્દ્ર દૃષ્ટિપાતથી હળવાફૂલ કરી દેતાં. તેમનામાં નવો ઉત્સાહ ને શક્તિ પ્રેરતાં ને તેમને નવી વાનગીઓ ખવડાવી—પોતાના વ્યાપક વાત્સલ્યથી તરબોળ કરી દેતાં. પૂ. માનો આવો માતૃભાવ માણનારાઓ તો ધન્ય થઈ જતા, પરંતુ એ ભાવોને પ્રત્યક્ષ નિહાળનારાઓની ધન્યતા પણ ઓછી ન રહેતી. ગળપણ ખાનારો જ એનો સ્વાદ અનુભવી કે માણી શકે, શબ્દોમાં એનું આલેખન શી રીતે થઈ શકે?

શિબિર માટે ઉતારા અને રસોઈ માટેનું બીજું મહત્ત્વનું સ્થળ હતું વીસનગર પગપાળા શક્તિ નિવાસ. અહીં પણ સાધકોને સારી રીતે સમાવવાની ને એક સાથે જમાડવાની સરસ સુવિધાઓ હતી. એના સંચાલકોએ સારો સહકાર આપ્યો.

અંબાજી એક મોટું યાત્રાધામ, પરંતુ તેમાં જરૂરી વસ્તુઓ મોટા પ્રમાણમાં સરળતાથી ઉપલબ્ધ નહિ. આથી શ્રી બાબુભાઈ વોરાએ બધું જ સીધું, ને જરૂરી ખાદ્યસામગ્રી, અમદાવાદથી જ લાવવાનો સરસ પ્રબંધ કર્યો. રસોયા પણ ત્યાંથી જ લાવ્યા અને સાંજના ભોજનને બદલે આપવાના ફળોની વ્યવસ્થા પણ અમદાવાદથી જ કરી. તેઓના આ કાર્યોમાં શ્રી કસ્તુરભાઈ પટેલ, શ્રી કુમુદચંદ્ર ત્રિવેદી, શ્રી ઈશ્વરભાઈ છાટબાર, શ્રી શાન્તિભાઈ મહેતા, શ્રી પ્રભુભાઈ હળવદિયા, શ્રી વસંતભાઈ સોનેજી, શ્રી ભિખુભાઈ પટેલ ને શ્રી ધીરજભાઈ મોઘરિયાએ સરસ સાથ પૂર્યો. પરિણામે સાધકોને કોઈ તકલીફ પડી નહિ.

ભાઈ શ્રી નવીનચંદ્રે માઈકની વ્યવસ્થા સંભાળી ને પ્રભુની એ કૃપા રહી કે અંબાજીમાં છાસવારે રિસાઈ જતી વિજળી સાતે

દિવસ મળતી રહી.

## પ્રારંભ

શિબિરનો પ્રારંભ વહેલી સવારથી એટલે છ વાગ્યાથી થતો. પ્રથમ ધ્યાનની બેઠક અડધા કલાકની રહેતી. સમિયાણામાં પૂ. માની બેઠક પૂર્વાભિમુખ સરસ રીતે ગોઠવવામાં આવેલી. બેઠકની પાછળ પૂજ્ય ગુરુદેવનું મોટું સ્વરૂપ મૂકવામાં આવેલું. જોતાં લાગે કે પૂ. મા ને સર્વ સાધકો પૂ. શ્રીની નિશ્રામાં બેઠેલા છે. સવારના પ્રાકૃતિક શાન્ત વાતાવરણમાં સાધક ભાઈબહેનો સમયસર પોતાનાં આસનો લઈ ગોઠવાઈ જતાં. બરોબર છના ટકોરે ધ્યાનનો પ્રારંભ થતો. પહેલા દિવસે પૂ. માની સૂચના મુજબ શ્રી નારાયણભાઈ જાનીની દોરવણી નીચે ધ્યાનની ત્રણે બેઠકો પ્રયોજવામાં આવી. ધ્યાન પછી તુરત જ પૂ. મા શ્રી સર્વેશ્વરીની સાથે ૧૨૫ પ્રણામ–પૂ. શ્રીને કરવામાં આવતા. થોડાં અશક્ત ને વૃદ્ધ સાધકોને બાદ કરતાં, સહુ તેમાં જોડાતાં. સવારની બેઠકનું પ્રણામ કરતા સાધકોનું દર્શન મનોરમ્ય લાગતું. પ્રભુની ભક્તિ સાથે નમ્રતા ને વ્યાયામના પાઠોનો સમન્વય કરતા એ પ્રણામો–સાધકોના દિનભરના એકધારા બેઠાડુ જીવનમાં કસરતની ઉણપ પૂરી કરતા. ઘરમાં કદી પાંચ પચ્ચીસ પ્રણામો નહિ કરી શકનાર સાધકો, સમૂહમાં ને પૂ. માના સાન્નિધ્યમાં એકસો પચ્ચીસ પ્રણામો સરળતાથી પૂરા કરતા. આવા સાધકોની આ જાત અનુભૂતિ એટલે એમાં તર્કને અવકાશ જ ક્યાં?

પ્રણામ પછી તુરત જ શ્રી યોગેશ્વરજીની બાવની બોલી, સાધક ભાઈ બહેનો કુટિયામાં રાખેલાં પૂ. માતાજી અને પૂ. ગુરુદેવનાં સ્વરૂપોને વંદન કરતાં. મેનેજર શ્રી બાલુભાઈના



સહકારથી સવારે દૂધ લાવવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલી. શિબિરાર્થીઓને બધા દિવસો દરમ્યાન સવારે મસાલા-વાળું ગળ્યું દૂધ આપવામાં આવતું. શ્રી વિનોદભાઈ જોષીએ આ સેવા સંભાળ લીધેલી.

બીજી બેઠકનો પ્રારંભ બરાબર ૮–૩૦ થતો. શ્રી બંસીભાઈ તેમ જ શ્રી સુશીલાબેન ભક્તનાં સુરીલાં ભજનોના સ્વરોની મીઠાશ ને ભાવ ઝીલતાં સહુ તરબોળ બની જતાં. સહુ શિબિ-રાર્થીઓ એનો રસાસ્વાદ માણી રહેતાં.

ધ્યાનની બીજી અડધા કલાકની બેઠક બાદ પૂ. શ્રીનાં ટેપ પ્રવચનો રોજ મૂકવામાં આવતાં. કર્મયોગ ઉપરનાં એ પ્રવચનોએ આધ્યાત્મિકતાને સાચી રીતે સમજવામાં ને પોતાના ફાળે આવેલ કર્મો પ્રત્યે કદી ઉપેક્ષા કે પ્રમાદ ન સેવવા અંગેનું સરસ માર્ગદર્શન પૂરું પાડયું. એક દિવસના વિડિયો પ્રવચને તો પૂ. શ્રી ને સાધકો સમક્ષ જીવંત ખડા કરી દીધા. ભાગ્યવશાત્ જેમના જેમના જીવનમાં એ મહાપુરુષનો પ્રત્યક્ષ પરિચય પામવાનું સદ્‌ભાગ્ય મળ્યું, તેઓ સર્વને એક સાચી ધાર્મિક સમજ પ્રાપ્ત થઈ. જીવનમાં નવી દિશા સૂઝી એવું અનુભવાયું.

પૂ. મા દરરોજ એક કલાક સાધકોને બીજી બેઠકના અંત ભાગમાં ઉદ્બોધન કરતાં. તેઓને આ દિવસો દરમ્યાન પહેલા બે દિવસ નિર્જળા ઉપવાસો હોવા છતાં જે અપૂર્વ શક્તિ અને ઉત્સાહથી બુલંદ કંઠે સાધકોને પ્રોત્સાહિત કરતાં ને પ્રભુ સાથે નાતો જોડવા સમજાવતાં તે જોઈ સહુ સાધકો એક પ્રકારની અતિ ઉચ્ચ આધ્યાત્મિક હસ્તીના સાન્નિધ્યનો અનુભવ કરતાં. છેલ્લાં સાત વર્ષોથી અન્નના સંપૂર્ણ ત્યાગ પછી પણ જે શ્રદ્ધા

અને ભક્તિભાવથી પૂ. મા પોતાના સાધના પંથે આગળ વધી રહ્યાં છે, તે ઘટના જ સાધકોની સર્વ શંકાઓના નિવારણ માટે પૂરતી જણાતી. પૂ. માનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. એમાં નથી કોઇ સાધનાનો ભાર કે ભારેખમપણાનો અહંભાવ; કેવળ સહજતા ને સરલતાનું જ દર્શન તેઓના સમગ્ર વ્યવહારમાં દેખાય છે. પૂ. ગુરુદેવની શક્તિ જ તેઓને જીવાડી રહી છે, સાધના કરાવી રહી છે—એ એક સૂર તેઓના સમગ્ર વક્તવ્યનો રહેતો.

ભજન અને ધૂનનો બપોરનો કાર્યક્રમ પણ ખૂબ રોચક રહેતો. સહુ શિબિરાર્થીઓ એમાં ઉત્સાહપૂર્વક જોડાતા.

સાંજની બેઠકમાં ગીતાપાઠ, વિષ્ણુસહસ્રનું ગાન કે શિવ-મહિમ્નની તથા સાઇબાબાની સ્તુતિ વગેરે ક્રમાનુસાર કરવામાં આવતાં.

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ બહુ બોધપ્રદ અને રસદાયક રહેતો. પૂ. મા પોતાની આગવી હળવી શૈલીમાં અઘરા આધ્યાત્મિક પ્રશ્નોના જવાબો સરલ રીતે સમજાઇ જાય એમ આપતાં. સહુ સાધકો એને સરસ રીતે માણતાં. પૂ. મા કહેતાં કે જીવનમાં આપણે ધ્યાન તો કરતાં રહીએ છીએ. ભણવામાં, રસોઇ કરવામાં, રસ્તો ઓળંગવામાં—ધ્યાન રાખીએ છીએ. પરંતુ આપણું આ ધ્યાન સંસારી વિષયોનું છે. આપણે ફક્ત તેનો વિષય જ બદલવાનો છે. સંસારી બાબતોને બદલે આપણે પ્રભુને કે ગુરુને બેસાડવાના કે જોડવાના છે. જો તમે આમ સમજશો તો તમને કદી ધ્યાન ભારેખમ નહિ લાગે.

જપ કયી આંગળીએ કરવા એવા પ્રશ્નના ઉત્તરમાં તેઓએ જણાવ્યું કે જે કોઇ પ્રભુના સ્વરૂપને ઇષ્ટ તરીકે પૂજતા હો ને તેનો જપ કરતા હો તો ગમે તે આંગળીથી જપો, પરંતુ ભાવપૂર્વક જપો. પછી આંગળીનું મહત્ત્વ રહેશે નહિ. અરે! જપના અક્ષરો બદલાઇ જાય પરંતુ પ્રભુના સ્વરૂપનો ભાવ જો હૃદયમાં કાયમ હોય તો તેનું ફળ અવશ્ય મળે છે. જો કોઇ સકામ અનુષ્ઠાન કરતા હો તો વિધિવિધાન બરાબર પાળવાં જોઇએ.



તા. ૧૮ મી માર્ચનો દિવસ એટલે પૂ. શ્રીની પુણ્ય તિથિ. તે દિવસે પૂ. શ્રીના સ્વરૂપના પૂજનનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો. શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતે) શાસ્ત્રોક્તવિધિથી આ પૂજન કરાવ્યું. તેમાં ભારતના સાધકોના પ્રતિનિધિ તરીકે શ્રી બાલુભાઇ અને વિમળાબેનને બેસાડવામાં આવ્યાં, જ્યારે પરદેશથી આવેલ શ્રી પંકજ ભક્ત અને તેની પત્ની દક્ષા, શ્રી સુરેશભાઇ શાહ, વિમળાબેન તથા પુત્રી સ્મૃતિ, શ્રી મંગળાબેન પબારી, પુત્રી દીપ્તિબેન, શ્રી દમયંતીબેન તેમ જ શ્રી દેવીબેન વગેરેને પૂજનનો લાભ મળ્યો.

આ શિબિરમાં ખાસ હાજરી આપવા શ્રી મંગળાબેન તેમની પુત્રી સાથે લંડનથી ખાસ પધારેલાં. તો લોસ એન્જેલેસનાં શ્રી ઠાકોરભાઇ અને શાન્તાબેન તેમ જ મંગળાબેનના જમાઇ શ્રી કિરણકુમાર તેમ જ નીતાબેને પણ શિબિરમાં જોડાઇ, સારો લાભ લીધો.

જે વિવિધ વક્તાઓએ શિબિરાર્થીઓને સંબોધન કર્યું તેમાં શ્રી નારાયણભાઇ જાની, શ્રી ઈશ્વરભાઇ ભક્ત, શ્રી ગોરધનભાઇ કલોલા, શ્રી આશાબેન ભક્ત, શ્રી કુન્દનબેન રાણા, શ્રી વિજય-સિંહ રાણા, શ્રી ધનસુખલાલ, શ્રી બાબુભાઇ વોરા, શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી સુમનભાઇ વ્યાસ શ્રી રેવાશંકર પુરોહિત, શ્રી

વિજય પુરોહિત (બાપજી), શ્રી ભાઇશંકરભાઇ ત્રિવેદી, શ્રી પંડિત અને શ્રી મંજુબેન ભાવસાર વગેરેનો સમાવેશ થતો હતો.

### વિદેશના બાળકો વિષે

કેનેડાના શ્રી સુરેશભાઇ શાહે પ. પૂ. યોગેશ્વરજી સાથેના પોતાના અનેક સંસ્મરણો રજુ કર્યાં. તે ઉપરાંત પૂ. માએ કેનેડાની ધરતી ઉપર પધારી નાનાં બાળકોને પ્રેમ આપી તેઓને સુધારવાનું જે અદ્ભુત કાર્ય કરી રહ્યાં છે. તેની ઝાંખી કરાવી ઉમેર્યું કે એના પરિણામે ૪૦ જેટલાં આ બાળકોએ માંસ ને મદિરાનો ત્યાગ કર્યો છે. તેઓનાં જીવન શુદ્ધ બન્યાં છે. તેમ જ તેઓ રોજ સ્નાન કરી નિયમિત રીતે પ્રભુ સ્મરણ કરે છે. આ સહુ બાળકોના પૂ. માને લખેલ લાગણી ને પ્રેમ નીતરતા સરલ પત્રોનું વાંચન તેઓએ કર્યું. તે ઉપરથી જણાતું હતું કે પૂ. માએ તેઓના હૃદયમાં કેવું અનુપમ સ્થાન પ્રાપ્ત કર્યું છે ને તેઓ તેમને કેટલું બધું ચાહે છે. તેમનામાં કેવો અપૂર્વ વિશ્વાસ ધરાવે છે ને તેમના માર્ગદર્શન પ્રમાણે જીવનને પ્રભુપંથનો મોડ આપી રહ્યાં છે.

ઘણા પત્રો અંગ્રેજીમાં હતા, તો કેટલાક ગુજરાતીમાં. ગુજરાતી ન જાણતાં કેટલાંક બાળકો તે ભાષા શીખવા માંડયાં છે. આમ તેઓનો જીવન સંપર્ક ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જળવાઇ રહે તે માટેના પૂ. માના પ્રયાસોને ઘણી સફળતા મળી છે.

બાળકો સિવાય મોટાઓના જીવનમાં પણ પૂ. માએ ક્રાન્તિ આણી છે ને ઘણાંઓના જીવન વ્યસનરહિત ને શુદ્ધ બનાવ્યાં છે. આ ઘણું મોટું કામ છે.

પૂ. માએ પોતાની વિદેશયાત્રાઓના સંદર્ભમાં સમાપન



કરતાં કહ્યું કે ભૌતિક સગવડોના ઉપભોગ માટે અમે વિદેશ જતાં નથી. અમો તો કોઇપણ પરિસ્થિતિમાં અમારું સાધના કાર્ય કરી શકીએ તેમ છીએ પછી તે ભારતમાં હોય કે વિદેશોમાં. સાચું પૂછો તો અમારે મન ભારત અને વિદેશ જેવા કોઇ ભેદ કે વિભાગ નથી. બધી જ. ધરતી પ્રભુની છે ને બધે તેનું કામ જ કરવા જઇએ છીએ.

### શ્રીબાલુભાઇની સેવાઓ

શિબિરના કાર્યક્રમો દરમ્યાન શ્રી બાલુભાઇ પટેલ અને તેમનાં પત્ની વિમળાબેનની સેવાઓને પૂ. માએ અનેકવાર બીરદાવી. તેઓ વિનાવેતન સ્વર્ગારોહણની સુંદર ચોક્સાઇ- પૂર્વક જે સેવા કરી રહ્યા છે. તેમ જ જે સ્વચ્છતાનું ધોરણ અહીં પ્રસ્થાપિત કર્યું છે, તેનાથી પ્રભાવિત થઇને અનેક યાત્રીઓ અહીં આવે છે. વળી અહીંના આદિવાસી બાળકોની પ્રેમપૂર્વક સેવા ને સુધારણાનું કાર્ય તેઓએ કર્યું છે, તે જોઇ ઘણા શિબિરાર્થીઓએ આ પંચોતેર જેટલાં બાળકોને શિબિરના બધા જ દિવસો દરમ્યાન ખાસ નાસ્તો આપવાના કાર્યક્રમો યોજ્યા હતા. મુંબઇના શ્રી ટોપ રાણીએ પોતાના જન્મદિન નિમિત્તે ભણતાં બાળકોને નોટ ને પેન્સીલો વહેંચી હતી, તો એક બેને ફૂટપટ્ટીઓ. બાકી અહીં દર રવિવારે બાળકોને પૂ. માની પ્રેરણાથી નાસ્તો આપવાની પ્રવૃત્તિ ચાલે છે. બાળકોના સાધારણ ચામડીનાં દર્દોની સેવા પણ બાલુભાઇ પ્રેમપૂર્વક કરે છે. ભગવાનનું નામ પણ લેવડાવે છે.

આ ઉપરાંત અહીં પક્ષીઓને જુવારનું ચણ નાંખવામાં આવે છે. તેને લીધે હજારો પોપટ ને કબૂતરો આશ્રમના પ્રાંગણને જીવતું ને દર્શનીય કરી મૂકે છે. આ માટે પણ ઘણાં ભાઇબહેનોએ શ્રી બાલુભાઇને નાણાંકીય સહાય આપી.

### સ્પર્ધાઓ

શિબિર નિમિત્તે 'પ્રકાશના પંથે' પૂ. શ્રીની આત્મકથાના આધારે ત્રણ વિભાગોની સ્પર્ધા ખાસ યોજવામાં આવેલી. બાર વર્ષ તેમ જ વીસ વર્ષ સુધીના બાળકો માટે લેખિત પ્રશ્નો હતા; જ્યારે તેથી ઉપરના ૩૦ જેટલા સ્પર્ધકો માટે મૌખિક પરીક્ષાઓ હતી.

પ્રથમ વિભાગોમાં પ્રથમ ત્રણ આવનાર સ્પર્ધકો હતા : શ્રી પ્રીતિ પટેલ, (સુરત). શ્રી તેજસકુમાર ભટ્ટ, (અમદાવાદ). અને ધ્વનિ જાની, ભાવનગર. બીજા ગ્રુપમાં શ્રી કૃપા જાની, (ભાવનગર). હેમાબેન કાકા, (વડોદરા). અને નીતિબેન ભટ્ટ, (અમદાવાદ). મોટાઓના ગ્રુપમાં શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટર, (વડોદરા). શ્રી જયશ્રીબેન અને આશાબેન ભક્ત, (વાવ.) નો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને આશ્વાસન ઇનામરૂપે ફેન્સી ચપ્પુઓની ભેટો શ્રી અજય જાની અને હરિશ્ચંદ્ર જાની તરફથી આપવામાં આવી હતી.

આ સ્પર્ધાનાં પેપરો સેટ કરવાનું કાર્ય મોરબીના શ્રી મોહનભાઇ ચૌહાણ અને શ્રી હરિભાઇ ભોજાણીએ કર્યું હતું. તેઓ ઉપરાંત, નિર્ણાયકો તરીકે શ્રી નારાયણભાઇ જાનીને કુન્દનબેન રાણાએ સેવાઓ આપી હતી.

વિવિધ વ્યક્તિઓ તરફથી કેલ્ક્યુ લેટર, શાલ અને ઘડિયાળોનાં ઇનામો વિજેતાઓને વહેંચવામાં આવ્યાં હતાં.

### રાસ ગરબા સ્પર્ધા

શિબિરના દિનભરના કાર્યક્રમોની સમાપ્તિ રાત્રિના રાસ ગરબાઓની સ્પર્ધાથી કરવામાં આવતી. ભાઇઓ અને બહેનો વિવિધ વર્તુલોમાં મુક્ત મને, તાલબદ્ધ રીતે રાસ અને ગરબાઓની રમઝટ બોલાવતાં. પૂ. મા પણ આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી સહુને પ્રેરણા આપતાં અને જીવનમાં બહેનો આવો મુક્ત આનંદ સદા માણતાં રહે એવી ઇચ્છા વ્યક્ત કરતાં. રાસ તેમ જ ગરબાઓના આ કાર્યક્રમોમાં ઉમ્મરનો ભેદ ભૂલી નાનામોટા સહુ જોડાતા ને નિર્દોષ આનંદ લૂંટતા. કલાક દોઢ કલાકનો આ મનોરંજન કાર્યક્રમ દિનભરનો થાક ઉતારી દેતો. અને સહુને રાત્રિની નિદ્રાનું સુખ સહજ રીતે માણવામાં મદદરૂપ થતો.



આ માટેના સફળ સ્પર્ધકોમાં નીચેનાઓનો સમાવેશ થતો:–

શ્રી ગોરધનભાઇ કલોલા, શ્રી અજય કલોલા અને ધ્રુવકુમાર કલોલા, શ્રી યોગેન પટેલ, શ્રી બાલુભાઇ પટેલ, શ્રી મધુભાઇ ભટ્ટ, તેમ જ શ્રી વિજયભાઇ પુરોહિત (બાપજી) શ્રી કૃપા જાની, શ્રી ભારતીબેન, શ્રી રંજનબેન દેસાઇ, શ્રી ગાયત્રી જોષી શ્રી પ્રીતિ પટેલ, તેમ જ પ્રિયંવદા લેખડિયા વગેરે.

પુરુષોને ધોતિયાં, શ્રી વ્યાસ (વ્યારા), બાળાઓને ડ્રેસ તેમ જ મોટી બહેનોને સાડીઓ, શ્રીમતી માલતીબેન ખુશ્બુ તરફથી આપવામાં આવી.

સાધકોને સાંજે ભોજનને બદલે ફળોનો નાસ્તો આપવામાં આવતો, તેમાં કેળાં, ચીકુ, નારંગી, દ્રાક્ષ, મોસંબી, સીંગ ને રેવડીનો સમાવેશ થતો. બધા જ સાધકોને પહોંચે એટલી સીંગ મેસ્વાનના ખેડૂત શ્રી પ્રેમજીદાદાના પુત્રો લાવ્યા હતા.

પૂ. માના સૂચનથી રાજકોટના શ્રી શાન્તિભાઇ કનેરિયાએ સહુ સાધકોને પોતાને ત્યાં પૌત્ર શિવમ્‌ના જન્મ નિમિત્તે આઇસ્ક્રીમ ખવડાવ્યો હતો. સહુએ એ બાળકને મંગલ કામના પ્રાર્થી.

શરૂથી જ સાધક ભાઇબહેનો જેમ જેમ આવતાં હતાં, તેમ તેમ તેઓને ઉતારાની વ્યવસ્થા આપવાની ને નોંધણીની પ્રસસ્ય કામગીરી પ્રો. શ્રી સી. કે. શાહ ને પ્રો. શ્રી મહેતા સાહેબે સંભાળી હતી.

શિબિરના સ્થળ ઉપર પ. પૂ. યોગેશ્વરજીના પુસ્તકો, ફોટાઓ વગેરેના વેચાણની વ્યવસ્થા શ્રી વિનુભાઇ અમીન અને અતુર કોન્ટ્રેક્ટરે સંભાળી હતી. તેઓની મદદમાં મુંબઇના શ્રી મધુભાઇ ભટ્ટ સુરતના શ્રી ગોરધનભાઇ તેમ જ રમેશભાઇ પટેલ વગેરે રહ્યાં હતાં.

શિબિરના પ્રારંભના દિનોમાં કાર્યક્રમના સંચાલનનો ભાર શ્રી હરિભાઇ ભોજાણીએ સંભાળ્યો હતો. પાછળથી શ્રી વિજય-સિંહ રાણાએ એ કામગીરી બજાવી હતી.

પૂ. માની વ્યાસપીઠ રોજ રોજ સુંદર ગલગોટાઓના હારોથી સજાવવામાં આવતી. આમાં મહત્ત્વની કામગીરી રાતભર જાગીને શ્રી બાપજી, શ્રી અનિલ ભટ્ટ, શ્રી કંચનભાઇ ને વિનોદિનીબેન ઉપરાંત બીજા ઘણા ભાઇબહેનો બજાવતાં. તો હારો તૈયાર કરવામાં અનેક બેનો સ્વૈચ્છિક સહાય પહોંચાડતી, તેઓ સહુ માટે આ એક સેવાયજ્ઞ બની રહેતો.

શિબિરના આયોજકોને મદદરૂપ થવા શ્રી રમેશભાઇ અમદાવાદથી પોતાની રીક્ષા લઇને આવેલા. તેમની આ ભાવનાને પૂ. માએ પુરસ્કારથી બીરદાવી.

સમગ્ર કાર્યક્રમને વિડિયોમાં ઉતારવાની પ્રસસ્ય કામગીરી અજયભાઇ કલોલા તેમ જ શ્રી પંકજભાઇ ભક્તે બજાવી, સરસ કાર્ય કર્યું.



શિબિરનો ખર્ચ હળવો કરવામાં ઘણાં સાધક ભાઇબહેનોએ ઉદાર હાથે સહાય કરી છે. એની બધી વિગતો અમારી પાસે નથી. તેથી અત્રે મૂકેલ નથી. છતાં એ સહુ ભાઇબહેનો સત્કર્મમાં સહાયરૂપ થવા બદલ અભિનંદનનાં અધિકારી છે.

સર્વમંગલ ટ્રસ્ટ વતી શ્રી બાબુભાઇ વોરાએ આભારવિધિ કરી હતી.

### પૂ. માએ સાત દિવસની શિબિર કરી

પૂ. માને પ્રશ્નોત્તરી દરમ્યાન એક પ્રશ્ન એવો પૂછવામાં આવ્યો હતો કે પાંચ દિવસને બદલે પૂ. શ્રીની દિવસની શિબિર કેમ રાખતાં નથી? આના અનુસંધાનમાં ખરેખર બે બીજા દિવસ માટે શિબિરના કાર્યક્રમો મુજબ પોતાના દિવ્ય સાન્નિધ્ય ને સત્સંગનો લાભ રોકાયેલા સાધક ભાઇબહેનોને પૂ. માએ આપ્યો.

આ બે દિવસોની સાંજની બેઠકો દરમ્યાન શ્રી બંસીભાઇ શ્રી સુશિલાબેન અને પાછળથી જોડાયેલ શ્રી રતિભાઇ ભોજકનાં સુરીલાં ગીતો અને ભજનોએ સરસ રંગત પૂરી પાડી. આ ત્રણે કલાકારોમાંથી બેને પૂ. માએ શાલોથી અને ત્રીજાને રકમ તથા પ્રસાદ આપી પુરસ્કાર્યાં હતા. રાત્રિ બેઠકમાં મા જગદંબાના ગરબા પણ સરસ રીતે ગવાયા ને સહુએ મોડી રાત સુધી પૂ. માની ઉપસ્થિતિમાં એનો આનંદ લૂંટયો.

એક બેઠકમાં શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટરે પૂ. મા સાથેની હરિદ્વાર-યાત્રાના પ્રસંગો પણ સરસ રીતે વર્ણવ્યા. ગંગામાતાએ કેવી અદ્‌ભુત રીતે પૂ. માની પ્રાર્થના સુણી, તે વાત પણ કહી.

પૂ. માએ સહુ સાધકો સાથે સ્વર્ગારોહણની તેમજ કુટિયાની પ્રદક્ષિણાઓ પણ કરી. પૂર્ણાહુતિ પ્રસંગે શિબિર નિર્વિઘ્ને સારી

રીતે પૂર્ણ થઇ તે નિમિત્તે પૂ. માએ સાંજે બીજીવાર ૧૨૫ પ્રણામ પૂ. ગુરુદેવને કર્યાં. અનેકોએ એમાં સાથ પૂર્યો.

ચૈત્રી નવરાત્રિની દુર્ગાષ્ટમીના દિવસે પૂ. માએ સહુ સાધકો ઉપર કૃપા કરીને મા જગદંબા અને પૂ. મા–પ્રભુનાં સ્વરૂપો–તેમ જ પ્રત્યક્ષપણે પોતાના પૂજનનો લાભ આપ્યો. રાજોપચારવિધિથી ખૂબ ભાવપૂર્વક શ્રી પંડિતે આ પૂજન કરાવી, સહુને એક વિરલ લહાવો પૂરો પાડયો. પૂ. મા પણ સાધકોનાં ભાવ જોઇ, એ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં, એના આનંદ સાથે સહુએ કૃતકૃત્યતા અનુભવી. પૂ. મા–પ્રભુનો જય હો, મા જગદંબાનો જય હો !

આ શિબિરની સહુથી વિશેષ સફળતાનો યશ પૂ. માને જ આપવો રહ્યો કારણ કે પોતાના પાણી વગરના અનેક ઉપવાસો છતાં પૂ. માએ શિબિરાર્થીઓને દિવસના ૧૨ થી ૧૪ કલાકોનું સતત સાન્નિધ્ય આપી, ધન્ય કરી દીધા. પોતાની કાયા–અરે પોતાનું સમગ્ર અસ્તિત્વ ભાવિક સાધકો માટે જ છે–એવી પ્રતીતિ પૂ. માએ નમ્રભાવે સહુને કરાવી.

શિબિરમાં હાજરી આપનારાઓએ એક અનોખા પ્રકારની સંતૃપ્તિનો અનુભવ કર્યો. પાંચ સાત દિવસ કોઇ દિવ્ય લોકમાં નિવાસ કરી આવ્યા હોઇએ એવો માનસિક અનુભવ સહુએ કર્યો. અંતમાં પૂ. માએ આપેલ જીવનસંદેશ–"જીવનનું સારથિપદ પ્રભુને સોંપી નિશ્ચિંત બની જાઓ." એને વાગોળતાં સહુએ પોતાની કર્મભૂમિમાં પાછા ફરવા પ્રયાણ કર્યું. સ્વર્ગારોહણનાં એ પુનિત પરમાણુઓ એના સ્મરણ સાથે–પ્રેરણા ને પવિત્રતા પૂરતાં રહેશે–એ વિશ્વાસ સાથે સહુએ વિદાય લીધી.



# તવ પાદપંકજ સ્પર્શે (૨)

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

(ગતાંકથી ચાલુ)

એ મસ્તીના આલપનો એક ફ્લ ત્યાં ઉતરી આવ્યો. બાળકો વહેલાં ઉઠી સ્નાન કરવા લાગ્યાં, માતાપિતાને પગે લાગવા લાગ્યાં. પ્રાર્થના અને દંડવત્ પ્રણામ દૈનિક જીવનનો ક્રમ બની ગયાં. પૂજા, માળાના નિયમો નિત્યક્રમ બની ગયા. સ્વાધ્યાય પાઠોનો ગુંજારવ પ્રભાતે ને સાયંકાળે દરેક ઘરમાં ગુંજવા લાગ્યો. જમતા પહેલાં પ્રભુને સામગ્રીના થાળ ધરાવા લાગ્યા અને એ પ્રસાદ આરોગતા પહેલાં અન્નબ્રહ્મની સ્તુતિઓથી પવિત્રતાનો ઉજાશ ઘરોમાં પથરાવા લાગ્યો. નાનામોટાં વ્યસનો બાળકોને હતાં તે તો છૂટયાં પરંતુ કેટલાક બાળકોએ તો માતાપિતાને પણ વ્યસનો છોડાવ્યાં. અંગ્રેજી ભાષાના મોહમાં સપડાયેલા માતાપિતા અને બાળકોને માતૃભાષાનો મહિમા સમજાવ્યો. ભારતીય સંસ્કૃતિ સાથે તંતુ જોડી રાખવો હોય તો ભારતીય ભાષાનું જ્ઞાન અનિવાર્ય છે તે સમજાવ્યું બાળકોને ગુજરાતી બોલતા કર્યાં. બાળકોની સરળતા માટે સ્વાધ્યાય પાઠોને અંગ્રેજી લીપીમાં ઉતાર્યાં. બાળકોને લઇને નાનાનાના પ્રવાસો યોજ્યા, કુદરતના સાન્નિધ્યે બાળ-વાટિકાઓમાં જઇ વાર્તાલાપો ગોઠવ્યા. પૂ. મા તેમની સાથે બેઠાં, તેમના પ્રશ્નોના સરળ ઉત્તરો આપ્યા તેમની શંકાઓના સમાધાન કર્યાં. માતા અને બાળકો વચ્ચે અતુટ સ્નેહ સંબંધો બંધાઇ ગયા. દૂર જતાં પણ બાળકો સાથે નિયમ પાલન, અને વ્રતોમાં એકનિષ્ઠ

રહેવાની યાદ તાજી થતી રહી. ત્યાં સુધી કે ભારત આવ્યા પછી પણ ફોન પર માતાપિતા કરતાં બાળકોને તક વધી ગઇ. અમેરિકા છોડતાં પહેલાં પણ પૂ. માએ દરેક બાળકો સાથે એક એક મિનિટ વાત કરી. અત્યારે પૂ. મા તો બાળકોથી હજારો માઇલ દૂર બેઠાં છે પરંતુ એ માતૃવાત્સલ્યની હૂંફને માણ્યા પછી હવે જગતની કુટીલતાની એ મજાલ નથી કે તેના બાળકોને ધ્રુજાવી શકે! માતૃશક્તિના સથવારે પ્રભુપંથે એ નાનકડી પગલીઓ પ્રયાણ કરી ચૂકી છે. જીવન અને તેના મર્મને સમજવાની એક નવી જ દિશા, ત્યાં ઉઘડી ગઇ છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનસંદેશનો વ્યાપ વધારવાનો એક ઉમદા હેતુ પણ આ વિદેશ વિચરણ પાછળ રહેલો છે. કેસેટોના માધ્યમ દ્વારા પૂ. શ્રીના કાર્યને ઘર ઘર સુધી પહોંચાડવાની પણ પૂ. માની ઇચ્છા છે. પૂ. યોગેશ્વરજી એવું ઇચ્છતા કે સમાજમાં સાત્ત્વિકતાનો વ્યાપ વધે, જીવનમાં આધ્યાત્મિકતા અને ભૌતિકતાનો સુભગ સમન્વય થાય અને સૌ અંતરની શાંતિનો અનુભવ કરે. પૂ. માએ પૂ. યોગેશ્વરજીના પ્રવચનોની કેસેટો તૈયાર કરાવી. રાતોના ઉજાગરા કરીને કેસેટોના સંકલનનું કાર્ય પૂર્ણ કર્યું. કેસેટો સસ્તી કિંમતે સૌને પહોંચાડી. આ કેસેટો દ્વારા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી ઘર ઘરમાં ગુંજતી થઇ છે. આનું સુંદર પરિણામ આજે જોઇ શકાય છે.

અમેરિકાના ભોગપ્રધાન વાતાવરણ વચ્ચે આજે શ્રદ્ધા અને ભક્તિથી સંપન્ન વાતાવરણમાં લોકો શ્વાસ લેતા થયા છે. ભારતીય ઘરોમાં પણ જોવા ન મળે તેવા આધ્યાત્મિક વાતાવરણથી એ ઘરો શોભી રહ્યાં છે. પૂ. માના પ્રચારોથી તપ, વ્રત, નિયમપાલન,



અને સ્વાધ્યાયમાં હોંશે હોંશે રત રહેતાં લોકોની સંખ્યા વધતી જાય છે પૂ. મા જે કંઇ કાર્ય કરે છે તે લોહી રેડીને કરે છે. બીજાના જીવનમાં પ્રકાશ પાથરવા શરીર તરફ નજર સુદ્ધાં નથી કરતાં.

કલ્યાણના પંથે વળતા જીવને જોઇને પૂ. માને જે આત્મિક આનંદ થાય છે તેની તુલના થઇ શકે તેમ નથી. સમય અને શરીરની સંપત્તિ લુંટાવવામાં ક્યારેય પાછી પાની કરતાં નથી. પૂ. યોગેશ્વરજીનું જીવનધ્યેય આમાં સાકાર પામતું જોઇને સાર્થકતા અનુભવે છે.

તપોધન બનેલા જીવનનો સમગ્ર યશ પૂ. મા પૂ. શ્રીને ચરણે ધરી દે છે. પૂ. મા કહે છે અમારામાં કંઇ નથી અમે તો માત્ર યોગેશ્વરપ્રભુના સમકડાં છીએ તે ચાવી આપે તેટલું ચાલીએ છીએ, તે લઇ જાય ત્યાં જઇએ છીએ, તે બોલાવે ને બોલીએ છીએ અને તે કરાવે તે કરીએ છીએ. આમાં અમારું વ્યક્તિગત કશું જ નથી. બધો જ દોરીસંચાર એમનો છે. સાડા છ વર્ષથી આ શરીરને અન્નવિના તે જ ચલાવી રહ્યા છે. આકરા તપ વ્રત પણ તેજ કરાવી રહ્યો છે.

હું તો રમકડું રે યોગેશ્વર નાથનું,<br>
તપ વ્રતના શણગારે સજાવ્યું,<br>
અખંડ સોહાગનું છત્ર ધરાવ્યું,<br>
ભક્તિ બજારે પહોંચાડયું–હું તો રમકડું.

નમ્રતાનો પદાર્થપાઠ પૂ. મા આ પદ દ્વારા કેવો અદ્‌ભુત રીતે આપી રહ્યાં છે. આવા અનેક પદાર્થપાઠનો લાભ આપણે આજે લાભપાંચમના રોજ તા. ૨૩ અને ૨૪ ઓક્ટોબરના રોજ

સત્યપથના દ્વારે લઈ રહ્યા છીએ. આજે છે લાભપાંચમ પણ એનો લાભ પાંચમ જેટલો નહિ પરંતુ પૂર્ણિમા જેટલો છે. ચંદ્રની કળાઓની જેમ ઓછો વધતો પ્રકાશ આપવાનું પૂ. માના સ્વભાવમાં નથી. એ તો પૂર્ણિમાના પ્રકાશની જેમ પૂર્ણપણે પ્રકાશી ઉઠે છે. અહીં લાભ લેનારા થાકે છે આપનારાં નહીં. આજે પૂ. મા લાભપાંચમના દિવસે એક વર્ષની વિદેશયાત્રા પછી પ્રથમ વખત 'સત્યપથ' પધારી રહ્યાં છે. પ્રવેશતાં જ એક આત્મીયતાભરી અમી નજરનો સ્પર્શ એ તીર્થસ્થાનમાં ફરી વળે છે. સત્યપથમાં પગ મૂકતાં પ્રભુના શ્રી ચરણોમાં દંડવત કરતા પ્રભુકૃપાએ પાર પડેલી સફળ વિદેશયાત્રાની કૃતાર્થતા પૂ. મા અનુભવી રહ્યાં છે. પૂ. માના કુમકુમ પગલે પ્રેમીજનોમાં ઉમંગ અને ઉત્સાહ સાકાર સ્વરૂપે ધુમી રહ્યાં છે. પ્રેમ અને શ્રદ્ધા મૂર્ત બનીને સત્યપથની શોભા વધારી રહ્યા છે. પૂ. મા ભક્તોને એક વર્ષ પછી જોતાં પ્રસન્ન પ્રસન્ન છે. બેઠક પર બેસતાં જ પ્રભુકૃપાની કૃતાર્થતા વ્યક્ત થઈ રહે છેઃ–

શ્રી યોગેશ્વર નમો નમઃ
સદ્‌ગુરુદેવા નમો નમઃ

પૂ. મા આજના શુભદિવસનો લાભ આપતાં કહે "નમ્રતા અને નમસ્કાર એ આધ્યાત્મિક જીવનના પ્રથમ બે સોપાન છે. એ સોપાનો સફળતાપૂર્વક ચડયા વિના ધ્યેયની મંજિલે પહોંચી શકાતું નથી. શરૂઆતમાં નમસ્કાર કરવાની ટેવ પાડવી પડે છે. નમસ્કાર કરીને સ્કૂલે જવાનો અમારો નિયમ હતો. ઘણીવખત પ્રભુને નમસ્કાર કર્યા વિના નીકળી જવાતું, રસ્તામાં યાદ આવતા ફરી આવી પ્રભુને પ્રણામ કરીને જતાં. આજે હવે એ જીવનનો નિત્યક્રમ



બની ગયો છે. અહંકાર રહિત માણસ જ નમસ્કાર કરી શકે છે. અંતરની નમ્રતા વિના હાથ જોડી શકાતા નથી, શ્રીજી મહારાજે પણ વચનામૃતમાં પ્રણામનો એવો જ મહિમા ગાયો છે."

સંતોનો મહિમા ગાતાં પૂ. મા કહે "સંતો અને સંસારીઓ શરીરે તો એક સરખા હોય છે. ફેર એટલો જ હોય છે કે સંસારીઓને સંસારની આસક્તિ હોય છે જ્યારે સંતોને પ્રભુની આસક્તિ હોય છે. તેઓને પોતાના જયજયકારની બિલ્કુલ ઈચ્છા હોતી નથી દેવર્ષિ નારદ કહે છે તેમ સંતોનો મેળાપ દુર્લભ હોય છે. કદાચ નસીબ યોગે સંતમેળાપનો યોગ પ્રાપ્ત થાય તો પણ તેની કૃપા માટે પ્રણામ કરીને વિનંતિ કરવી પડે છે. આ સ્થાનમાં પૂ. યોગેશ્વરજી જેવા સમર્થ સંતના રજકણો વેરાયેલા છે. આ સ્થાનને તીર્થસમાન ગણી આ સ્થાનના પવિત્ર અણુઓનો લાભ લો. અમે તો એ સમર્થ સંતના કૃપા સરોવરમાં જ સ્નાન કરી રહ્યાં છીએ."

કૃપાની વર્ષા અનહદ વરસાવી,
સર્વેશ્વરીને ધન્ય બનાવી,
કરમાયેલી એક જીવન કળીને,
મઘમઘતું ફૂલ કીધું માળી બનીને–કૃપાની.

સર્વેશ્વરીએ એને પીછાણ્યો,
સંતરૂપે ભગવંત પધાર્યા,
યોગેશ્વર નામે એ તો સમાયો,
સર્વેશ્વરીમાં એ તો પલટાયો–કૃપાની.

સમર્થ સંતપુરુષની છત્રછાયા મળે તો અખંડ રાખજો. જન્મોજન્મ એ છત્રછાયાનું સુખ અખંડ રહે તે માટે પ્રાર્થના

કરજો. સંતકૃપા એ દુર્લભ રત્ન છે. હાથ લાગ્યા પછી ખોવાઇ ન જાય તે માટે જાગૃત રહેજો.

વિદેશ વિચરણની વાત કરતાં પૂ. મા કહે "વિદેશ જઇ આવ્યાં એટલે અમે કંઇ મોટી ધાડ નથી મારી. વિદેશ વસતા બાળકો પાસે ગઇ હતી તે હવે પાછી આવી છું. વિદેશમાં પ્રભુએ પ્રેરણા કરી તે પ્રમાણે કામ કરવાનું બન્યું. ઉગતી પેઢીના સંસ્કાર ઘડતરનું કામ પ્રભુકૃપાએ સારી રીતે થયું. અમે જે ધ્યેય લઇને ગયાં હતાં તે પૂર્ણ થયું તેનો અમને આનંદ છે."

પૂ. મા કહે "જૈન અને શીખ સંપ્રદાયના લોકો પાસે પણ સહજ જવાનું બન્યું. શ્રીમદ્ રાજચંદ્ર અને ગુરુનાનકના જીવન-ની વાતો દ્વારા સત્સંગ થયો. સૌને પ્રસન્નતા થઇ. અમને કોઇ ડોલર કે ભૌતિક વસ્તુઓની ખેવના નથી. ડોલરની મોહિનીથી આકર્ષાઇને ફંડફાળા કરવા અમે વિદેશ જતાં નથી. અમે અમારી રીતે જઇએ છીએ અને આવીએ છીએ. અમે કોઇ વ્યક્તિની ઇચ્છા કે ગમા અણગમા ધ્યાનમાં લઇને કંઇ કરતાં નથી. અમે સર્વતંત્ર સ્વતંત્ર છીએ. અમે એક માત્ર એ મહાપુરુષથી બંધાયેલાં છીએ. એ કરાવે તે કરીએ, વ્યક્તિગત ઇચ્છા જેવું કંઇ નથી. સમાજની કાયાપલટ કરવાની પૂ. શ્રીની નેમ હતી. તેઓ રહ્યા ત્યાં સુધી પોતે એ કામ પોતાની રીતે કરતા રહ્યા, સમાજ જાગૃતિના ઉદ્દેશના પૂર્તિરૂપે અમે પૂ. શ્રીની એક કલાકની ફિલ્મ બનાવવા માગીએ છીએ. તે માટેની કામગીરી શરૂ પણ થઇ ગઇ છે. સત્કાર્ય પૈસાવાંકે અટકતું નથી એવી અમારી શ્રદ્ધા છે"

શ્રી જયંતીભાઇએ કહ્યું કે પૂ. માના સાન્નિધ્યમાં વિદેશમાં પણ પ્રભુકૃપાના પ્રસંગો બનતા રહે છે. તે પ્રસંગની વાત કરતાં



કહે "અમે એક દિવસ પૂ. મા સાથે ટ્રીવોલી નામના સ્થાનમાં જવાનું નક્કી કર્યું કે જ્યાં દુનિયાભરની અજાયબીઓના નમૂના રાખવામાં આવ્યા છે. મુકકરર દિવસે જવાનો સમય થયો ત્યારે બહાર ધોધમાર વરસાદ વરસતો હતો. અમે પૂ. માને વિનંતિ કરી કે આ હવામાન વચ્ચે તો નહીં જઇ શકાય!" પૂ. માએ નિર્ણય બદલ્યા સિવાય કહ્યું, "ચાલો, મોટરમાં બેસો" અમે મોટરમાં બેઠા ને આશ્ચર્ય! વરસાદ બંધ થયો હતો! પૂ. મા હસતાં હતાં અને અમે આશ્ચર્ય પામતા હતા. મોટર ચાલી, નિયત સ્થળે પહોંચ્યાં, સ્થાન જોયું, કુદરતી સાન્નિધ્યનો આનંદ માણ્યો. અમે તો હજુ એ પ્રકૃતિના ગોદમાં રમવામાં મસ્ત હતા, ત્યાં પૂ. મા કહે "ચાલો, પ્રકૃતિદેવી વરસવાની રાહ જોઇ રહ્યાં છે, આપણા પ્રત્યાગમનની પ્રતિક્ષા કરી રહ્યાં છે." આશ્ચર્ય વચ્ચે અમે પૂ. માના આ વાક્યો સાંભળી મોટરમાં બેઠા તો અમારા આશ્ચર્યનો કોઇ પાર ન રહ્યો, બહાર વરસાદ શરૂ થયો હતો!

દેશ હોય કે વિદેશ જ્યાં જ્યાં એ પાવન પદપંકજનો સ્પર્શ થાય છે ત્યાં ત્યાં અહલ્યાઓનો ઉદ્ધાર થતો રહે છે. એ પદસંચારે ઉડતી પાવન ધુળીના રજકણોથી આપણે પણ રજોટાઇને એ પાવન શ્રી ચરણોની શરણાગતિ સ્વીકારી સુરક્ષિત થઇ જઇએ.

તવ નયનની નીચે
પ્રભુ હે! તવ ચરણનની નીચે,
મુજ જીવન વૈભવ હીંચે
પ્રભુ હે! તવ ચરણનની નીચે.

# મહિમા જાણ્યા સિવાય સંતની ઓળખ ન થાય

રોહિત જાની

આ સંસારમાં સાચા સંતોને ઓળખવાનું અઘરું છે; કારણ કે તેઓ પોતાના શરીર ઉપર એવાં કોઇ ચિહ્નો ધારણ કરતા નથી કે જે જોઇને તેમની ઓળખ થાય. એમનો પરિચય તો કોઇ કરાવે તો થાય. એમનો વ્યવહાર ને મહિમા કોઇ સમજાવે તો સમજાય. પ્રભુ કૃપા કરે તો સમજાય. પૂર્વનાં પુણ્યોનો ઉદય થયો હોય તો સમજાય, બાકી તો તમારી નિકટમાં નિકટ, પડોશમાં જ, અરે ! તમારા ઘરમાં જ સંતપ્રકૃતિના પુરુષ વસતા હોય છતાં તમે તેમનાથી અજાણ રહી જાઓ એ સંભવિત છે.

આ એક સત્ય ઘટના છે. તેના ઉપરથી અમારી આ વાત સારી રીતે સમજી શકાશે.

થોડાં વર્ષો પહેલાં એક સંત પુરુષ એકલા જ પ્રવાસ કરી રહ્યા હતા. સાથે બીજું કોઇ ન હતું. સાધુ જેવો સાદો પોષાક તેઓએ પહેરેલો. પાસે માત્ર એક થેલી ને પાણી પીવાનું પાત્ર. બીજી કોઇ વિશેષ વસ્તુઓ નહિ. એમને સુરતના સ્ટેશને ગાડી બદલવાની. તેઓ બારડોલી તરફ જઇ રહ્યા હતા. એમની ગાડી વહેલી આવેલી. બીજી ગાડીને આવવાની કલાકેકની વાર હતી. એટલે પ્લેટફોર્મ ઉપરના એક બાંકડા ઉપર શાન્તિથી બેસી તેઓ પ્રભુસ્મરણ કરી રહ્યા હતા. સ્ટેશન પર અવરજવર તો હતી. પરંતુ તેઓ તો તદ્દન અલિપ્તભાવે પોતાના સ્મરણમાં મગ્ન હતા. સ્ટેશનની ચહલપહલ એમના ધ્યાનમાં વિક્ષેપરૂપ થતી ન હતી.



આમ અડધો કલાક વીતી ગયો. એક બીજી ગાડી આવવાનો સમય થયો હતો. ધીમે ધીમે પ્લેટફોર્મ ભરાવા માંડયો. ભાતભાતના ને જાતજાતના માણસોથી પ્લેટફોર્મનું દૃશ્ય જીવંત બની રહ્યું.

એટલામાં શહેરના એક પ્રતિષ્ઠિત તેમ જ શ્રીમંત પુરુષ પોતાના પરિવાર ને મિત્રો સાથે પ્લેટફોર્મ ઉપર પધાર્યા. તેમની સાથે તેમના પ્રસંશકો પણ હતા. તેમાંના કેટલાક ઉતાવળે આ પ્લેટફોર્મ ઉપર આવ્યા ને દૂરના એક બાંકડા ઉપર બેઠેલા ને પોતાના પ્રભુસ્મરણમાં મગ્ન સંત પુરુષને હાથથી ઢંઢોળી કહેવા લાગ્યા, "મહારાજ, જરા ઊભા થઇ જાઓ. અમારા શેઠ આવી રહ્યા છે. તેમને અહીં બેસવા માટે જગા કરો."

સંત પુરુષ તો કંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય ઊભા થઇને એક બાજુ ઊભા રહી ગયા. તેમના એક હાથમાં થેલી હતી, જ્યારે બીજા હાથમાં નાની માળા. તેઓ તો અલિપ્તભાવે શું થાય છે તે જોતા રહ્યા.

થોડીવારમાં તો પેલા શેઠ આવીને એ બાંકડા ઉપર ગોઠવાયા. તેમની આજુબાજુ સ્નેહીઓ બેઠા. નોકરો ને પ્રસંશકો સામે ઊભા રહી, શેઠની સૂચના મુજબ ચા-પાણી ને ઠંડા પીણાં વહેંચવા લાગ્યા. એક નાનીશી મહેફીલ જેવું દૃશ્ય ખડું થઇ ગયું.

અચાનક શેઠની નજર નજીકથી પસાર થતા, શહેરના સેલ્સટેક્સ ખાતાના એક ઉચ્ચ અધિકારી પર પડી. શેઠ સફાળા બેઠા થઇ ગયા. તુરત જ તેઓએ પોતાના નોકરને એ અધિકારીને બોલાવી લાવવા સૂચના આપી. શેઠની સૂચનાનો અમલ કરવા બે-ત્રણ ભાઇઓ દોડી ગયા અને પેલા અધિકારીને બોલાવી લાવ્યા.

હવે શેઠે ઊભા થઈ પેલા સેલ્સટેક્ષ ખાતાના અધિકારીને બેસવા જગા કરી આપી. તેઓ બેઠા અને તેમના માટે શેઠે ઠંડા પીણાની ફરમાયેશ કરી. પછી શેઠે ધીમેથી પૂછ્યું, "આપે જાતે સ્ટેશન ઉપર આવવાની તસ્દી શું કામ લીધી?"

પેલા અધિકારીએ કહ્યું, "શેઠજી, આજે મારા સાહેબ આવવાના છે. તેઓ પોતાના અંગત કામે આવે છે એટલે મને તેડવા આવવા ના લખી છે, છતાં મને થયું વિવેક ખાતર પણ મારે જાતે આવવું જોઈએ."

શેઠે પૂછ્યું, "તેઓ કડક માણસ છે કે શું?"

"જરા કડક ખરા, પરંતુ વિવેકી, પ્રામાણિક અને ધાર્મિક પણ એટલા જ. અંગત કામ માટે સરકારી વાહનનો કદી ઉપયોગ પણ ન કરે કે કરવા દે, એટલે તો હું પણ ભાડાની રીક્ષા બાંધી આવ્યો છું."

"આવા સારા માણસ આજના જમાનામાં મળવા મુશ્કેલ. અમારી પણ આજે મુલાકાત કરાવજો. તો કો'ક વખત કામ લાગે."

"જરૂર કરાવીશ. પણ સરકારી કામમાં આવી ઓળખાણ કે મુલાકાતને તેઓ વચ્ચે ન લાવે એવા માણસ છે. એટલે શેઠજી એ રીતે તેઓ ઉપયોગી નહિ થઈ શકે. એ હું પહેલેથી કહી દઉં છું."

એટલામાં ગાડી આવી. સ્ટેશન પર ઉતરનારાઓની ભીડની વચ્ચે ગાડીમાં ચઢનારાઓની ગીરદી દરવાજાઓ પાસે જામી ગઈ.

શેઠના આશ્ચર્ય વચ્ચે તેઓએ દૂરથી જોયું કે એક બીજા વર્ગના ડબાની ભીડમાંથી પેલા અધિકારીશ્રીના સાહેબ ઉતરી રહ્યા



હતા. તદ્દન આડંબરરહિત, સાદો પોષાક ધારણ કરેલા એ સાહેબને જોઈ ઘડીભર શેઠને નવાઈ લાગી. આટલો ઊંચો હોદ્દો ધરાવતો માણસ શું આટલો સાદો હોઈ શકે? શેઠે પોતાનું વ્યાવહારિક ગણિત માંડયું ને મનમાં ગણગણ્યા "કોઈ વેદિયો લાગે છે?"

પેલા અધિકારી તેમના સાહેબને શેઠ પાસે લઈ આવ્યા. હજી શેઠને જે ગાડીમાં જવાનું હતું તેને આવવાની થોડી વાર હતી. ઔપચારિક વાત થતી રહી; ત્યાં અચાનક પેલા સાહેબની નજર બાંકડાથી દૂર એક બાજુ ઊભેલા પેલા સંત ઉપર પડી અને તેઓ સફાળા ઊભા થઈ ગયા. વાતચીત અડધેથી કાપી નાંખી ઝડપથી પેલા સંતની નજીક પહોંચી જઈ, એમનાં ચરણે પડી ગયા! પેલા સંતે સ્મિત વેરતાં એમને પોતાના હાથથી ઊભા કરતાં કહ્યું, "અરે! પંડયા સાહેબ તમે અહીં ક્યાંથી?"

"હું મારા એક બિમાર મિત્રને જોવા આવ્યો છું. પરંતુ ગુરુદેવ, આપ અહીં ક્યાંથી?"

આ દૃશ્ય જોતાં જ સહુ માટે આશ્ચર્યનું કેન્દ્ર પેલા શેઠ, સેલ્સટેક્ષ અધિકારી અને તેમના સાહેબ મટી, પેલા સંત બની ગયા! સહુ તેમના પ્રત્યે અહોભાવ અને આશ્ચર્યથી જોઈ રહ્યા?

પેલા સંત પુરુષે કહ્યું, "મારે બારડોલી જવું છે. એટલે કલકત્તાવાળી ગાડીની હું રાહ જોઈ રહ્યો છું."

"હજી તો ગાડી આવવાની વાર છે." શેઠે કહ્યું, "આપ અમારી સાથે ચાલો. હું આપને અમારી ગાડીમાં બારડોલી પહોંચાડી દઈશ." એટલામાં તો શેઠજી સાથે આવેલ સગાંસ્નેહીઓ સહુ એક પછી એક એ સંતને પ્રણામ કરવા લાગી ગયા. કોઈક તો વળી ચરણસ્પર્શ કરવા લાગ્યા. ઘડી પહેલાંના ઉપેક્ષિત સંત

સહુના આદરપાત્ર બની ગયા!

સંતે સહજ સ્મિત સાથે કહ્યું, "શેઠજી, એવી કોઇ આવશ્યકતા નથી. કારણ વગર કોઇને અમે તકલીફ આપતા નથી. પરંતુ ભગવાનની લીલા કેવી અજબ છે તે જોઇ અમનેય આજે આશ્ચર્ય થાય છે."

એવી તે શી લીલા આપે જોઇ, ગુરુદેવ! એમના શિષ્ય શ્રી પંડયા સાહેબે પૂછ્યું,

ગુરુદેવે હસતાં હસતાં કહ્યું, "જુઓને, અમે અહીં બાંકડા ઉપર બેસી શાંતિથી પ્રભુસ્મરણ કરતા હતા. ત્યાં આ શેઠજી આવ્યા. તેમના માણસોએ અમને ઉઠાડી શેઠજીની જગ્યા કરી. પછી તમારા પેલા અહીંના અધિકારી આવ્યા. તેમનું સ્વાગત કરવા શેઠજી ઊઠયા. સન્માનમાં લાગી ગયા. ત્યાં વળી તમે અમને જોયા તો હવે સહુ અમારી સેવામાં લાગી ગયા! ઘડી પહેલાં અમે સહુ માટે સાવ સામાન્ય હતા; તેમાંથી એકાએક સન્માનનીય બની ગયા! આ આશ્ચર્ય નથી તો શું છે?"

શ્રી પંડયા સાહેબે કહ્યું, "ગુરુદેવ, આપની વાત સાચી છે. પરંતુ આપને ઓળખ્યા સિવાય કે આપનો મહિમા જાણ્યા સિવાય આપની સાચી પરખ ક્યાંથી થાય? કેવી રીતે જાણી શકે કે આપ એક સંત છો?" સંતે કહ્યું, "મહિમા જાણ્યા વિના સંસારીઓની સાચી ઓળખ થતી નથી તો એક સંતની તો ક્યાંથી થાય?" સંતના એ શબ્દો સહુ ધ્યાનથી સાંભળી રહ્યાં.



# મા શ્રી શ્રી શારદાદેવી અને શિષ્યો

લેખક : સ્વામી ગંભીરાનંદ
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

મા શારદામણિ તથા શ્રી રામકૃષ્ણદેવ દુન્યવી દૃષ્ટિએ પતિ–પત્ની હોવા છતાં, શારીરિક સંબંધોથી પર હતાં તે વાત સર્વવિદિત છે.

શ્રી રામકૃષ્ણદેવના સાધનાત્મક જીવનમાં મા શ્રી શારદાનું ખૂબ જ મોટું યોગદાન હતું. આખો દિવસ માતાજી નોબતખાનામાં રહી સાંસારિક કાર્યો કરતાં, પણ રાત્રે શ્રી રામકૃષ્ણના ઓરડામાં, તેમની જ પથારીમાં સૂવાની અનુમતિ તેમને મળી હતી. એ સમયે જ એમની પરીક્ષા કરવા માટે એક દિવસે શ્રી રામકૃષ્ણે પૂછ્યું, "તમે શું મને સંસારને માર્ગે ખેંચી જવા માટે આવ્યાં છો?" જરા પણ અચકાયા વગર માતાજી બોલ્યાં, "નારે, હું શા માટે તમને સંસારને માર્ગે ખેંચી લઇ જાઉં? હું તો તમને ઈષ્ટમાર્ગે સહાય કરવા માટે જ આવી છું."

એક દિવસ એમના પગ દબાવતાં દબાવતાં માતાજીએ પણ એક દિવસ પૂછી લીધું, "તમે મને તમારી શું કહીને જાણો છો?" શ્રી રામકૃષ્ણે જવાબ આપ્યો, "જે માતા સામે મંદિરમાં બિરાજે છે, તે જ માતાએ આ દેહને જન્મ આપ્યો છે અને અત્યારે નોબતખાનાની ઓરડીમાં વસે છે, અને અત્યારે એ જ માતા મારા પગ દાબી રહી છે. ખરેખર હું તમને સાક્ષાત્ આનંદમયી જગદંબા તરીકે જાણું છું."

આ દિવસોમાં શ્રી રામકૃષ્ણ માતાજીનું અતિ પવિત્ર અને ભોગેચ્છારહિત મન જોઇ પાછળથી ભક્તોની સામે એમના મહિમાનું વર્ણન કરતાં કહેતા કે "એ જો આટલાં સંયમી ન હોત ને એમણે જો મનનો સંયમ ગુમાવી મને આકર્ષ્યો હોત, તો કોણ જાણે છે કે હું પણ મારો સંયમ ન ગુમાવી બેસત?" લગ્ન થયા પછી મેં જગદંબાને આતુરતાપૂર્વક પ્રાર્થના કરી કે, "હે મા! મારી પત્નીના મનમાંથી સ્થૂળ ભોગોની વાસનાને તદ્દન નિર્મૂળ કરી દેજે." હું એમની સાથે રહ્યો ત્યારે મને ખબર પડી કે માએ મારી એ પ્રાર્થના ખરેખર સાંભળી છે.

મા શારદામણિએ પડોશણોને સહાનુભૂતિપૂર્વક બોલતાં સાંભળ્યાં હતાં કે પરણ્યા પછી નિઃસંતાન રહેવું એ ઘણું દુઃખદાયક ને અપશુકનિયાળ ગણાય છે. એટલે સુધી કે માતાજીનાં માતુશ્રી પણ ખેદ કરી કહેતાં કે "મારી શારદાનાં લગ્ન આવા ગાંડા જમાઇ સાથે કર્યાં! અરેરે! એણે ન કર્યો સંસાર, ન થયાં છોકરાંછૈયાં, કોઇ 'મા' કહીને બોલાવનાર પણ નથી." એ સાંભળી ઠાકુર એક વખત બોલ્યા હતા. "મા, એટલા માટે તમે દુઃખી ન થશો. તમારી દીકરીને એટલાં બધાં સંતાનો મળશે કે 'મા' 'મા' સાંભળીને એ ધરાઇ જશે."

લોકોની વાતો સાંભળતાં સાંભળતાં માતાજીના મનમાં પણ સંતાનલાભની સ્પૃહા કેવી રીતે જાગી હતી તે વિષે એમણે પોતે જ આમ કહ્યું હતું, "કામારપુકુરમાં ને અહીં પણ બૈરાંઓની પાસે હંમેશાં સાંભળતી કે છોકરો ન હોય તો સ્ત્રી કોઇ કામમાં ન આવે. વાંઝણી કોઇ મંગળ કામમાં ભાગ ન લઇ શકે. હું ત્યારે નાની હતી, આવી વાત સાંભળતાં સાંભળતાં મારા મનમાં દુઃખ થતું કે



સાચે જ મને એક પુત્ર પણ નહીં થાય?" દક્ષિણેશ્વરમાં એક વાર આ વાત યાદ આવી. જે દિવસે એ વાત મનમાં આવી તે દિવસે મેં કોઇને એ વાત કરી નહોતી તો પણ ઠાકુર પોતે જ બોલી ઊઠયા, "તમે શા માટે ચિંતા કરો છો? તમને એવા રત્ન જેવા દીકરા આપીશ કે માથું ઉતારીને તપશ્ચર્યા કર્યે પણ માણસને ન મળે. પછી જો જો કે એટલા છોકરાઓ તમને 'મા' કહીને બોલાવશે કે તમે મૂંઝાઇ જશો."

અનાદિકાળથી આ ઇચ્છા સ્ત્રીઓ પોષતી પોષતી આવી છે. શ્રી રામકૃષ્ણદેવની મહાસમાધિ પહેલાં જ માતાજીએ માતૃત્વનો અનુભવ કંઇક અંશે કર્યો હતો. પણ એમની સંતાન–કામના તેથી તૃપ્ત નહીં થઇ હોય. એ અસંતોષની વાત માતાજીને સ્વમુખે સંભળાય છે. "ઠાકુરના ચાલ્યા ગયા પછી કામારપુકુરમાં એકલી રહેતી હતી. ત્યારે વિચારતી કે 'દીકરો નથી, કોઇ જ નથી, શું થશે?' એક દિવસ ઠાકુરે દર્શન આપીને કહ્યું ચિંતા શા માટે કરો છો? તમને એક દીકરો જોઇએ છે? હું તમને આ બધા રત્ન જેવા દીકરા આપી ગયો. દિવસ જતાં કેટલાય લોકો 'મા' 'મા' કહી બોલાવશે."

સને ૧૮૮૬, ૧૬ મી ઓગસ્ટ અને સોમવારે વહેલી પરોઢે કાશીપુરમાં શ્રી રામકૃષ્ણદેવના જીવન ઉપર આખરી પડદો પડી ચૂક્યો.

ઠાકુરનાં યુવાન ભક્તોમાં કેટલાક યુવકો હજી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા તેવા કેટલાક યુવકો વડીલોના આગ્રહથી ઘેર ગયા, પરંતુ જે યુવકો હવે સંસારમાં પ્રવેશ કરવા માગતા જ ન હતા તેમનું શું? તેમણે ક્યાં જઇને રહેવું?

શ્રી રામકૃષ્ણની માંદગી વખતે ઘણું ખરું ખર્ચ ઉપાડનાર સુરેન્દ્રનાથ મિત્રને એક સાંજે શ્રી રામકૃષ્ણદેવે દર્શન આપ્યાં અને કહ્યું, "તું આ છોકરાઓને સંભાળ." સુરેન્દ્રનાથે તરત જ કાશીપુરની વાટ લીધી અને યુવકોને કહ્યું, "ભાઈઓ! તમે ક્યાં જશો? અત્યાર સુધી હું આપતો હતો તેટલી રકમ હું આપીશ. તેમાંથી તમે સૌ સાથે રહી શકો એવું એક ઘર ભાડે લઈએ; ત્યાં તમે રહેજો. અને અમે સંસારીઓ પણ સંસારની જંજાળમાંથી થોડી વાર વિશ્રાંતિ લેવા માટે ત્યાં આવતા રહીશું." આ શબ્દો સાંભળીને નરેન્દ્ર ગળગળો થઈ ગયો. અને યુવાનોએ એમની દરખાસ્તનો કૃતજ્ઞભાવે સ્વીકાર કર્યો.

પછી વરાહનગરમાં એક ઘર ભાડે રાખવામાં આવ્યું. બધા યુવકો સાચા સંન્યાસી હતા. થોડા સમય બાદ આ યુવકોએ વિધિપૂર્વક વિરજાહોમ કર્યો અને પૂર્વજીવનની સ્મૃતિ અને સંસારી નામો છોડીને સંન્યાસીનાં નામો ધારણ કર્યાં. આ વરાહનગર મઠમાં નરેન્દ્ર સૌનો નેતા બન્યો.

યુવાનોએ સંન્યાસ લીધા પછી નીચે મુજબ નામ ધારણ કર્યાં.

રાખાલ–બ્રહ્માનંદ, જોગીન–યોગાનંદ, બાબુરામ–પ્રેમાનંદ.

નિરંજન–નિરંજનાનંદ, શશી–રામકૃષ્ણાનંદ.

હરિ–તુરિયાનંદ, લાટુ–અદ્‌ભુતાનંદ.

શારદા–ત્રિગુણાતીતાનંદ, તારક–શિવાનંદ.

કાલી–અભેદાનંદ, શરદ–શારદાનંદ.

ગંગાધર–અખંડાનંદ, વૃદ્ધ ગોપાલ–અદ્વૈતાનંદ.



સુબોધ–સુબોધાનંદ, તુલસી–નિર્મલાનંદ.

નરેન્દ્ર–વિવેકાનંદ.

૧૮૮૬ થી ૧૮૯૨ સુધી શ્રી રામકૃષ્ણ મઠ વરાહનગર ખાતે જ રહ્યો. પછી દક્ષિણેશ્વરની નજીક આવેલા 'આલમબજાર નામના સ્થળે એને ખસેડવામાં આવ્યો, સને ૧૮૯૭ સુધી એ ત્યાં રહ્યો, ત્યારબાદ સને ૧૮૯૮ માં બેલુડ ખાતે કાયમને માટે મઠની સ્થાપના કરવામાં આવી.

વરાહનગર મઠમાં ભક્તોએ ખૂબ જ મુશ્કેલીએ વેઠી કઠિન આધ્યાત્મિક સાધનાઓ કરી. આ મઠમાંથી જ બહાર નીકળીને સાધુઓ પરિવ્રાજક બનીને ભારતભરમાં વિચર્યા અને જે મહાવિભૂતિને ચરણે તેઓ બેઠા હતા તેનો જીવનસંદેશ પૂર્વમાં અને પશ્ચિમમાં સર્વત્ર તેમણે પહોંચાડ્યો.

સ્વામી વિવેકાનંદે શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદમાં સનાતનધર્મના સિદ્ધાંતો સમજાવી સૌને મુગ્ધ કરી દીધા. તેમના પ્રવચનથી ત્યાંની પ્રજા ઉપર એટલો બધો પ્રભાવ પડયો કે તેમનાં પ્રવચનો જુદી જુદી સંસ્થાઓ દ્વારા ઉપરા ઉપરી ગોઠવાયાં. આમ સ્વામી વિવેકાનંદે પશ્ચિમના દેશોમાં સનાતનધર્મની વિજયપતાકા ફરકાવી.

આ સૌ સંન્યાસીઓએ અનેક મુશ્કેલીઓ સહન કરી શ્રી રામકૃષ્ણનો જીવનસંદેશ દેશ–વિદેશમાં પહોંચાડી સાચાં અર્થમાં મા શારદાના પુત્રો તરીકે સાર્થક થયા.

આ ઉપરાંત પુરુષ ભક્તોમાં બલરામ બોઝ, મહેન્દ્રનાથ ગુપ્ત, સુરેન્દ્રનાથ મિત્ર, રામચંદ્રદત્ત ગિરીશ, નાગ મહાશય વગેરે

તથા સ્ત્રી ભક્તોમાં જોગીનમા, ગૌરીમા, ગુલાબમા, લક્ષ્મીદેવી, ગોપાલની મા મનમોહન મિત્રની માતા, દેવેન્દ્રનાથ મઝમુદારની માતા મહેન્દ્રનાથ ગુપ્તાનાં પત્ની, બલરામ બોઝનાં પત્ની વગેરે મા શારદાનાં ખૂબ જ નીકટનાં અનન્ય ભક્ત હતાં. આ ઉપરાંત પણ મા શારદાનો ભક્ત પરિવાર ઘણો જ વિશાળ હતો. શ્રી રામ-કૃષ્ણદેવે મા શારદાને જણાવ્યા મુજબ તેઓ સાચાં અર્થમાં મા શારદાના પુત્રો–પુત્રી હતા અને મા શારદાના હૃદયમાં તે રીતે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શક્યા હતા. (આજે મા સર્વેશ્વરીને પણ 'મા' 'મા' કહી પોકારતો ભક્ત સમુદાય ક્યાં ઓછો છે?)

આજે પણ દેશ–વિદેશમાં શ્રી રામકૃષ્ણ મિશનની અનેક શાખાઓ છે. અને દુઃખી લોકોની અનેક રીતે સહાય કરે છે. આ રીતે મહાન સામાજીક પ્રવૃત્તિ કરે છે. થોડાં વર્ષો પહેલાં જ મોરબી પુર–હોનારતમાં પુર પિડિતોને જે સહાય કરેલ તે નોંધપાત્ર છે.

આ મિશનો શ્રી રામકૃષ્ણદેવના યુવાન સંન્યાસીઓએ રોપેલ બીજમાંથી ફાલેલાં જ વટવૃક્ષો છે. હરિઃ ૐ

## સુવાક્ય

જે જ્ઞાન વડે વૈરાગ્ય થાય તે જ ખરું જ્ઞા છે. બાકી જે વડે ધન, સ્ત્રી, પુત્ર આદિનો વધારો થતો રહે છે તે તો જડતા જ વધી છે એમ સમજવું.

જેનું ચિત્ત પરમાત્મામાં વિશ્રાંત થઇ જઇ પાછું ફરીવાર જગતના દૃશ્ય પદાર્થોમાં આસક્ત થતું નથી, તે જીવનમુક્ત કહેવાય છે.



## દૃષ્ટિ – પરિવર્તન

બીજાં કોઇ તમો માટે, અગર બદલાઇ ના જાયે,
તમારે એકલાએ ત્યાં, પડે બદલાવું સમજણથી!
કશી કડવાશ કે ફરિયાદ, જરૂર ના કંઇ જ કરવાની,
બધાં સાથે જ રહેવાની — ફક્ત 'દૃષ્ટિ' બદલવાની!

## અનન્યભાવના

આ આત્મનું, દેહનું — એ ભેદ પરખાશે નહિ,
તો, દેહની જંજાળમાંથી, — લેશ છુટાશે નહિ!
અન્યત્વભાવે દેહનાં વળગણ જહીં અળગાં કરે,
તહીં, સરળતાથી મન – હૃદય સહજાત્મ – શાન્તિમાં ઠરે!

## ભાવ – સાધના

દાન, દર્શન, કથા, કીર્તન — હૃદયના ભાવ અર્થે છે!
સ્ફુરે ના 'ભાવ'ની લહરો, પ્રયત્નો ત્યાં અધૂરા છે!
અને, એ 'ભાવ' પણ પાછો, થતો સાકાર ના કર્મે,
તો, લૂખી એ કર્મક્રિયાથી, વળે ભલીવાર શો ધર્મે?

— રતિલાલ ભાવસાર

# શ્રીમદ્ભાગવતમાંથી આટલું જાણો-૫

પ્રા. જનાર્દનભાઇ દવે

* શ્રીમદ્ ભાગવતના પહેલા સ્કંધના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકના ૧૦૮ અર્થો કરતી ટીકા સંસ્કૃતમાં લખવામાં આવી છે. આ એક જ શ્લોકમાંથી વેદાંતપરક અર્થ ઉપરાંત તેમાંથી જ શ્રીકૃષ્ણ, મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન વગેરે બધા અવતારો ઉપરાંત ભગવાન સ્વામીનારાયણની જીવનલીલાના અર્થો પણ દર્શાવવામાં આવ્યા છે.

* શ્રીમદ્ ભાગવતને સૌ પ્રથમ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ સમાધિભાષા વ્યાસસ્ય "શ્રીવ્યાસનારાયણની સમાધિ-ભાષા" એવું વિશેષણ આપ્યું છે. 'સમાધિ- ભાષા' શબ્દના આવા અર્થો થઇ શકે.

(૧) મહર્ષિ વ્યાસને સમાધિમાં થયેલા દર્શનને અભિવ્યક્ત કરતી ભાષા.

(૨) સમાધિની અવસ્થા સુધી લઇ જનારી ભાષા.

(૩) સમાધિમાં જે સર્વોચ્ચ નિર્વિકલ્પ બ્રહ્માનુભવ થાય તે લક્ષ્ય પર લઇ જતી ભાષા.

(૪) ગોપીઓની શ્રીકૃષ્ણમાં સમાહિત થયેલ દશા સુધી લઇ જતી ભાષા.

(૫) જેનું ચિત્ત ભગવાનમાં સમાહિત થયેલું હોય તેમને જ જેના ઊંડા રહસ્યો હાથ લાગે તેવી અલૌકિક ભાષા.



આથી પણ ઘણા બધા અર્થો થઇ શકે પણ તે માટે સ્વતંત્ર લેખ લખી શકાય.

* શ્રીમદ્ ભાગવતના દરેક અધ્યાયની સમાપ્તિ સૂચવતા વાક્યમાં (પુષ્પિકામાં) તેને "પરમહંસોની સંહિતા" કહી છે. ભાગવતજીમાં બે પ્રકારના પરમહંસો છે જ્ઞાની પરમહંસો અને ભાગવત (ભક્ત) પરમહંસો. ભગવાન ઋષભદેવ જ્ઞાની પરમહંસ છે ત્યારે શ્રીગોપીજનો, શ્રીધ્રુવ, શ્રીપ્રહ્લાદ, શ્રીઅંબરીષ, શ્રી-સુદામા, શ્રીનંદયશોદા, શ્રીભરત ભાગવત પરમહંસ છે.

શ્રીસનકાદિ, શ્રીશુકદેવજી શ્રીકપિલ ભગવાન, શ્રીદત્તાત્રેય ભગવાન અને શ્રીવ્યાસનારાયણ જ્ઞાની પરમહંસ અને ભક્ત પરમહંસ બંને દશાવાળા છે. અર્જુન જેમ બંને હાથ વડે ધનુષપર તીર ચઢાવી શકતા હતા અથવા કોઇ યોદ્ધો બંને હાથમાં તલવાર રાખી એક સરખું યુદ્ધ કરી શકે તેમ આ કોટિના પરમહંસો જ્ઞાનની સર્વોચ્ચ સ્થિતિએ પણ મોજ માણી શકતા હતા તેવા ભગવદ્ ભક્તિની પ્રેમાત્મક દશાનું પણ માધુર્ય લૂંટતા હતા.

## સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ

રાગ ને દ્વેષથી રહિત થઇને તે મનનો કાબૂ કરે છે. ઈન્દ્રિયોથી વિષયોને વિવેકી બનીને ભોગવે છે ને બીજા જરૂરી કર્મ કરે છે. તેથી તેને પરમાત્માની કૃપાની પ્રાપ્તિ થાય છે.

તેથી તેનાં દુઃખ દૂર થાય છે. તેની ચિંતા મટી જાય છે ને તેની બુદ્ધિ સત્વર સ્થિર થાય છે.

તેથી તેનાં દુઃખ દૂર થાય છે. તેની ચિંતા મટી જાય છે ને તેની બુદ્ધિ સત્વર સ્થિર થાય છે. યોગેશ્વરજી

# પૂર્ણ માનવ

ભાઈલાલભાઈ છાટબાર

સંપૂર્ણ રીતે પૂર્ણ માનવ અધ્યાત્મપ્રદેશમાં જ માત્ર પૂર્ણતાને વરેલો નથી હોતો પરંતુ દેશકાળ, સંયોગો અને પરિસ્થિતિઓમાં ગમે તેવું રૂપાંતર થાય તો પણ તે 'સ્વ' માં સુસ્થિર અને સ્તબ્ધ કરી દે તેવી ઊર્જાથી ભરપૂર હોય છે. તેનું આધિપત્ય માત્ર તેના પોતાના મન ઉપર જ નહિ પણ સમસ્ત ચેતન જગતના તમામ પ્રાણીપદાર્થ ઉપર હોય છે. તેથી તે સંસારભરનો સુકાની બની રહે છે. 'સ્વ'ના પૂર્ણ ગૌરવને પ્રાપ્ત મનુષ્ય પરમાત્મા છે.

આવું આધિપત્ય તેને પ્રત્યેક પ્રાણીપદાર્થ પ્રત્યેની વેધક, સ્વચ્છ અને સાફ દૃષ્ટિ આપે છે. પરિણામે તે બ્રહ્માંડના સહજ જ્ઞાન અને પ્રાપ્ત આધિપત્યના કારણે–આભ્યંતરિક અને બાહ્ય સ્વામીત્વના કારણે–ઈશ્વરી સત્તાનું ઐશ્વર્ય ભોગવે છે. સુયશ, સુશ્રી, સમ્યક્જ્ઞાન, સુધર્મ અને વીતરાગ અવસ્થા તેને સહજ હોય છે. વૈરાગ્યના રાગથી પણ તે પર હોય છે.

આવા મનુષ્યના સાન્નિધ્યમાં, બાહ્ય ઈન્દ્રિયોથી અગોચર હોવા છતાંય–આંખથી ન દેખાય, કાનથી ન સંભળાય અને સ્પર્શથી ન સમજાય એવી છતાંય–મનથી અંતર્યામીને સ્પર્શ કરનારી એક અપાર્થિવ લહેર હોય છે. આ અપાર્થિવ લહેર એટલે ચૈતન્યના સૂક્ષ્મ આંદોલનોનો ધારાપ્રવાહ. ચૈતન્ય લહેર તરંગિત થતી રહે છે અને તેને વીંટળાયેલું **તેજોવલય** ચૈતન્યનાં કિરણો બહાર ફેંકે છે. તેના સાન્નિધ્યમાં બેસતાં, ગમે તે પ્રકારની



પૂર્વગ્રંથિવાળા મનુષ્યને પણ કોઈ અપૂર્વ શાન્તિનો અનુભવ થાય છે. એની વ્યક્તિત્વ–પ્રતિભામાં, એની નિકટ ઉપસ્થિતિમાં, સૌ કોઈ એક પ્રકારની શાન્તિની સૂક્ષ્મ લહેરોનો અનુભવ કરે છે.

આ તેજોવલય એ પૌષ્ટિક આહાર અને પુષ્કળ આરામના કારણે ઉત્પન્ન થયેલ ત્વચાનો ચળકાટ નથી હોતો. શબ્દશઃ એમ પણ ન કહી શકાય કે અધ્યાત્મનું તેજોવલય એટલે મસ્તક આસપાસ રેખાંકિત થતું પ્રકાશ વર્તુલ.

તેજોવલયની પરિભાષા **અધ્યાત્મક્ષેત્રે** કૈંક જુદી જ છે. સુતીક્ષ્ણ બુદ્ધિનો તેજસ્વી ચમકારો, **જ્ઞાનપ્રકાશસભર** આંખોની આનંદપૂર્ણ ચમક, ચિન્મય શાન્તિની મનપ્રાણને ભરી દેતી સૌરભ, પ્રત્યેક કાર્ય કે ક્રિયામાં પ્રતિબિમ્બિત થતી ધીરગંભીર દિવ્ય છટા, પ્રેમના અક્ષય પાત્રમાંથી પ્રત્યેક પરિચિત–અપરિચિતને પ્રાપ્ત થતો સ્નિગ્ધ સ્નેહ, અંતરતમના ગહન ઊંડાણમાંથી પ્રવાહિત થતા આનંદ–ઝરણાંનો આલોકિત કરતો પ્રકાશ–આ બધું મળી રચાતું તેજોવલય પૂર્ણ પુરુષની પ્રતિભા પ્રત્યે અદમ્ય આકર્ષણ ઊભું કરે છે; અને પૂર્ણ પુરુષ પોતાની અસીમ ઊર્જા દ્વારા સૌનું કલ્યાણ સાધે છે અને કલ્યાણ–સાધનાના આ કાર્યમાં તે પોતાની સચ્ચિદાનંદ સ્વરૂપ આંતર્ ચેતનાના પરિપૂર્ણ પ્રાકટ્યની અનુભૂતિ કરે છે.

આ પૂર્ણપુરુષમાં સમસ્ત બ્રહ્માંડ સમાયેલું હોય છે તો પછી એને માટે કયો દેશ–વિશેષ પોતાનો હોઈ શકે?

આપણે એની સાથે હોઈએ છીએ ત્યારે આપણને પોતાનેય લાગે છે કે આપણે કોઈ ભવ્ય આધ્યાત્મિક ઘટના અને તેના પરિબળનો એક અંશ છીએ.

એને કાળવિજયી સ્મિત વરેલું હોય છે જે એના સંપર્કમાં આવનાર મનુષ્યોની તિમિરથી ઘેરાયેલી જીવનપળોમાં અનેકવાર દિવ્ય આલોકની પાવન દિશારેખા બનીને તેમના પથને ઉજ્જ્વળ કરતું રહે છે; અને તેમની ભ્રાન્ત તથા શ્રાન્ત દૃષ્ટિનું ક્રાન્ત તથા શાન્ત દૃષ્ટિમાં પરિવર્તન કરે છે. એનું સહજ અલભ્ય સ્મિત, અનુગ્રહપૂર્ણ વરદ હસ્ત અને સ્નેહસિક્ત આશિષ પ્રાપ્ત થતાં જાણે દિવ્ય વરદાનને પામીએ છીએ.

પૂર્ણ માનવ હિમાલયની ગુફામાંહેની કે ગંગાતટ ઉપરની કોઈ નિષ્પ્રાણ જડ પથ્થરમૂર્તિ સમાન નથી હોતો; પરંતુ એ તો પોતાના યુગની સમગ્ર માનવજાતને પ્રભાવિત કરી દઈ, તેને ઘાટ આકાર આપી, આદર્શ માનવપરિવારમાં પરિવર્તન કરી શકે તેવો સૃષ્ટા હોય છે. પરમશક્તિની આરાધના અને સેવા–તેનો પરિચય અને પ્રેમ–મનુષ્ય માત્રમાં જાગે તે તેનું મીશન હોય છે.

### સુવાક્ય

વાસનાઓની પૂર્ણ નિવૃત્તિ વિના શાંતિ નથી. પણ નિવૃત્તિ સાચા અર્થમાં શક્ય નથી. વાસના મનુષ્ય વિકાસમાં બાધક પણ નથી. ફક્ત તેનું રૂપાંતર કરવું ઘટે છે. જે જાગ્યા છે ને જેના હૃદયમાં દૈવી ને આસુરી સંપત્તિનો સંઘર્ષ શરૂ થયો છે, તે બડભાગી છે. કેમકે આજે નહિ તો કાલે પણ વાસનાને પૂર્ણ પવિત્ર કરી તે કૃતહૃદય બનશે. પણ કમભાગી તો તે છે જેને જાગૃતિ નથી ને સાંપ્રત સ્થિતિ ને જ જે સર્વસ્વ માને છે. આ લોકો ને શાંતિનો સાચો ખ્યાલ જ નથી.



# यज्ञानाम् जपयज्ञोऽस्मि ।

જ્યોત્સનાબેન ત્રિવેદી

શ્રીમદ્ ભગવદ્ગીતાના દસમા અધ્યાયમાં ભગવાને પોતાના વિભૂતિયોગનું વર્ણન કરતાં પોતે કયી કયી વસ્તુઓમાં વિશિષ્ટરૂપે રહેલા છે તેનું વર્ણન કરેલ છે. જીવ માત્ર અને જડ ચેતન સર્વમાં પ્રભુનું દર્શન એ પણ પ્રભુને પામવાનું, માણવામું, જાણવાનું એક સાધન છે. એ માર્ગ અઘરો છે. કોઈપણ ભાષા જાણવા માટે તેનો કક્કો બારાખડી જાણવા જરૂરી છે, તેમ પ્રભુ આ પગથિયાં ચઢાવી આપણને તે સીધા અને દુર્ગમ માર્ગનું ચઢાણ કરવાનું સહજ અને સરળ કેવી રીતે બને તેનું માર્ગદર્શન કરે છે. આપણે સંસારીઓ મિત્રમાં પ્રભુને જોઈ શકીએ, પણ શત્રુમાં થોડા જોઈ શકવાના? એથી પ્રભુ કહે છે, જુઓ આટલી વસ્તુઓમાં હું સ્થિત છું–રહેલો છું તે જુઓ એટલે પછી તમારે જે સર્વ વસ્તુઓમાં પરમાત્મ દર્શન કરવાનું છે, તે અઘરું નહીં થઈ પડે.

પૂ. શ્રી શ્રી માએ ૧૯૯૦ ના ડિસેમ્બરની ૨૫ તારીખથી જપયજ્ઞનો આરંભ મુંબઈમાં કર્યો. તે પછી જે જે સ્થળોએ પધાર્યા, ત્યાં ત્યાં સવારે નવથી અગિયાર સુધી બે કલાક આ કાર્યક્રમ જારી કર્યો. તેમાં જે સાધક ભાઈ–બહેનોને સમય અને અનુકૂળતા હોય તેઓ આવીને તેમાં જોડાઈ શકે. આનાથી બે હેતુ સિદ્ધ થાય છે. એક તો પૂ. શ્રી મા જે કેન્દ્રોમાં પધારે ત્યાંના સાધક ભાઈ બહેનોને પૂ. માનાં દર્શન કરવાની સુવિધા મળી રહે છે, અને બીજું પૂ. માના સાન્નિધ્યમાં જપ કરવાનો અવસર અને આનંદ

મળે છે. તે વખતે બધું જ ભૂલાઇ જાય છે. અનેક વર્ષો સુધી કથા શ્રવણ કર્યા પછી કે સત્સંગ કર્યા પછી જીવનમાં "જે કરવાનું છે તે આ જ છે." એ પૂ. મા આપણને સમજાવે છે. એટલું જ નહિ પણ સાથે બેસી કરાવે છે. એ બે કલાક મન ગમે ત્યાં હોય પણ આંખ, નાક, કાન, જીભ આપણી જ્ઞાનેન્દ્રિયો એ સમય ખૂબ સારી રીતે વિતાવે છે. કાંઇ જ ખરાબ કામ એ સમય દરમ્યાન થતું નથી. ચોવીસમાંથી પ્રભાતના એ બે કલાકનો સમય ખૂબ સરસ રીતે પસાર થાય છે, કહો કે સુધરી જાય છે.

પૂ. મા એ યજ્ઞનો પ્રારંભ જુદી જુદી પ્રાર્થનાઓથી કરે છે, તો સમાપન શાંતિપાઠથી કે સ્વયંસ્ફુરિત કોઇપણ પ્રાર્થના કે ધૂનથી કરે છે.

સંસ્કૃત સાહિત્યના અભ્યાસમાં ઉપનિષદો વિષે સાંભળેલું, વાંચેલું. પરંતુ જીવનમાં ઉપનિષદ શું તેનું વાસ્તવિક દર્શન અમને આ જપયજ્ઞમાં થયું. વાણીના માધ્યમની જરૂર દરેક ઉપદેશ વખતે પડતી નથી તેની સહાય લીધા સિવાય ગુરુ શિષ્યને સાધનાના જ્ઞાનના ઘડતરના પદાર્થપાઠો કેવી રીતે શીખવી શકે તે નજરો નજર કેવળ નીહાળ્યું જ નહીં પરંતુ અનુભવ્યું પણ ખરું.

આ જપયજ્ઞની શરૂઆત પણ ખૂબ રસપ્રદરીતે થઇ. પૂ. મા ૨૫ મી ડિસેમ્બરે મુંબઇમાં બિરાજતાં હતાં. તે દરમ્યાન બાજુના નિવાસની અગાશીમાં લાઇટોના પ્રકાશ સાથે પાર્ટી ચાલતી હતી. પૂ. શ્રીની એક વિચારસરણિ હંમેશ રહી કે સારું એટલું મારું અને સર્વધર્મ સમભાવ. એ સિદ્ધાંતો પૂ. માએ પણ અપનાવ્યા છે. તેમનું જીવન જ યોગેશ્વરમય છે. એનું આચરણ તેઓ એવી સહજ રીતે કરે છે કે જરા વિચાર ન કરીએ તો એનો ખ્યાલ પણ ન આવે. પ્રભુ જીસસ ક્રાઇસ્ટનો એ જન્મદિવસ જગતના



એ મહાન પુરુષનો જન્મ દિવસે આપણે આ રીતે ઉજવીએ. ને તુરત જ તેમણે એવું સૂચન કર્યું, અમલમાં મૂક્યું. સાથે બીજી પણ એક શરત મૂકી. એ દિવસો દરમ્યાન પૂ. મા મૌનમાં જવાનાં હતાં. તેઓ કાષ્ટ મૌન પાળે, પણ એના અમલમાં કંઇક અસુવિધા જેવું હતું એથી પૂ. માએ કહ્યું "અહીં બેઠેલા બધા જ જો ૧૦૮ માળાઓ કરે તો હું નીલાબહેનને મારા ઉતારામાં આવવાની છૂટ આપું. તે દિવસે શ્રી નારાયણભાઇ હાજર હતા. તેમને ભાવનગર જવાનું હતું. એમણે પ્રશ્ન કર્યો કે આટલી બધી માળા પૂરી ન થાય તો ઘરે કરી આવી શકાય? પૂ. શ્રી માએ છૂટ આપી. આમ ૧૦૮ માળાઓ સહુએ કરી. એ બેઠકમાં હાજર રહેલ નાનાં બાળકો પૂજા અને બીજલે પણ સહેજે એટલા જપ કર્યા."

પછી મંત્ર કયો કરવો? એ પ્રશ્નના ઉત્તરમાં એ બેઠકમાં હાજર રહેલા સહુને પૂ. માએ કહ્યું કે "ૐ મા"નો મંત્ર કરજો. (જો કે જપયજ્ઞમાં દરેકને પોતાને જે મંત્ર કરવો હોય તે કરવાની છૂટ હોય છે) એટલે અમારી કેટલાય સમયની ઇચ્છા પૂ. માએ ગુરુમંત્ર આપી પરિપૂર્ણ કરી. પૂ. માએ એ દિવસે કરુણા વરસાવી એમ જ કહોને!

૧૯૮૪ માં ગુરુપૂર્ણિમાને દિવસે અમે પૂ. શ્રી મા પાસે ગુરુમંત્રની પ્રાર્થના કરેલી. પ્રભુ હતા ત્યારે નાનપણથી સાથે હોવા છતાં એવી કોઇ બુદ્ધિ ચાલેલી નહીં, પણ અમારી વર્ષોની ભાવના એ દિવસે આમ સહજ રીતે પૂરી થઇ. તેનો પણ એક આનંદ અને મસ્તી દિલમાં ઉભરાયાં.

શિરડીની યાત્રામાંથી પાછા ફરતી વખતે ભાઇ અજય કલોલાએ અમારી સાથેના વાર્તાલાપમાં એમ કહ્યું કે 'મા કંઇ કહે તો મંડી જ પડીએ.' અને ખરેખર એવું જ થયું. કદાચ મારા

જીવનના સૌથી વધુ જપ એ દિવસે જ થયા અને ત્યાર પછી ચાલુ જ રહ્યા.

ગુરુની વાણીનું સામર્થ્ય શું છે તે આપણને આ રીતે સમજાય ને અનુભવાય છે એ અનુભવ આપવા માટે પૂ. માએ ત્યાર પછી અમદાવાદ, મોરબી, ભાવનગર એ બધાં જ કેન્દ્રોમાં પણ સતત આ કાર્યક્રમ ચાલુ રાખ્યો. હવે પછી પણ ચાલુ રાખશે એવી મા જગદંબાને પ્રાર્થના કરીએ છીએ, કારણ કે તેઓ આપણને સતત કહે છે કે "હે જીવ સંસાર છોડ અને પ્રભુનું શરણું લે. મારું શરણું લે. હવે લેવું ન લેવું એ તારા હાથની વાત છે. પૂ. મા તો બે હાથે લુંટાવવા બેઠાં છે. ખોબો ભરીને લેવું કે ગાડું ભરીને એ આપણા હાથની વાત છે."

ભાવનગરના નિવાસ દરમ્યાન બે નાની બાળાઓ પૂજા અને ધ્વનિએ પ્રશ્ન પૂછ્યો, "મા, અનુષ્ઠાન એટલે શું?" ત્યારે માએ તેની સમજ આપી કહ્યું કે આપણો મંત્ર જેટલા અક્ષરનો હોય એટલા લાખ જપ કરવા તે તેનું અનુષ્ઠાન થયું એમ કહેવાય.

હોમાત્મક યજ્ઞો કે અશ્વમેધ યજ્ઞો, વિષ્ણુયાગ કે મહારુદ્ર યાગ તો જીવનમાં આપણાથી થાય કે ન થાય, પણ આ જપયજ્ઞ તો આપણાથી થશે જ, એવી માને પ્રાર્થના કરીએ. એમની કૃપા માંગીએ અને એમની આશીષો પામીએ. પરમ પંથના માર્ગે આગળ ચાલીએ. આપણને એમના પ્રાકટ્ય કાળ પછી જે જીવન જીવવા મળ્યું છે તે સાર્થક કરી લઈએ, અજવાળી લઈએ. એ પાવન ચરણોનું શરણ ક્યારેય ન છોડીએ. એવી પ્રાર્થના સાથે જપયજ્ઞને જીવનના નિત્ય કર્મમાં વણી લઈએ. જીવનક્રમનો એક ભાગ બનાવી દઈએ. નિષ્કામભાવે કરેલા એ જપ કદી નિષ્ફળ જવાના નથી, પ્રભુની કૃપા કોઈ ને કોઈ રીતે એક દિવસ જરૂર ઉતરશે એમાં વિશ્વાસ રાખીએ.



# ઉમદા ભાવો ને ઉત્તમ વિચારો—કણિકાઓ

યોગેશ્વરજી
(હિમાલયના પત્રોમાંથી)

આપણને શુદ્ધ થવા દો. આપણને પવિત્ર થવા દો ને પછી હજારો વાવાઝોડાં ભલે વરસે, મોતના ઝંઝાવાતો ભલે વાય, દ્વારિકા—નિમજ્જન વખતે પીપા ભગતની જેમ આનંદ સ્મિતને વેરતા આપણે પ્રલયની ગરદન પર પાય મૂકીને ઊભા રહીશું.

* * *

આપણે પ્રતિદિન ઉમદા ચારિત્ર્યના પાયા પર ઊભા રહીએ અને વિરાટની સાથે એક થઈ જવાના પ્રયોગો આદરીએ. પ્રયત્ન કરો અને વિજય આપણો જ છે.

* * *

આપણે એમ માનીએ છીએ કે આપણાથી અમુક વ્યક્તિ પોષાય છે પણ તે ભ્રમ જ છે કેમકે ઈશ્વરની જ એ લીલા છે. એ બધું ઈશ્વર જ કરે છે.

* * *

ઈશ્વર પર શ્રદ્ધા રાખો, ઈશ્વર પર શ્રદ્ધા રાખો. બસ આ જ એક મહાન સત્ય છે. સર્વધર્મોને આ જ કહેવાનું છે. ઈશ્વર કરતાં સત્ય અને મહાન એવી કોઈ વસ્તુ નથી. તે તમને જે પરિસ્થિતિમાં મૂકે તેમાં શ્વાસ લો ને તે પણ સંપૂર્ણ શાંતિથી લો.

એમ જ માનો કે એ બધું સારું જ થાય છે. તમારી આજની સ્થિતિ આવતી કાલની ભવ્યતા ને ઉન્નતિ માટે જ છે, એ કદી ના ભૂલો. ભલે તમારી પાસે પૈસા ના હોય, ભલે તમારે ખાવા માટે એક રોટલાનો ટુકડોય ના હોય, ભલે તમારા શરીર પર એક ફાટેલું કપડુંય ના હોય, આ સત્યને મનમાં ઘૂંટી દો. સુંદર સ્મિત સાથે એ પરિસ્થિતિને પસાર કરો. આવતી કાલ તમારી જ છે. ભલા, રાત તે કેટલોક કાળ રહી શકે? તમે નાના છો કે અશક્ત છો, દીન છો કે હીન છો, એવી ભાવના સ્વપ્ને પણ કરતા નહીં, કેમકે તમે મહાન છો, પ્રભુના પુત્રો, અરે પ્રત્યક્ષ પ્રભુ છો. જો તમે એમ માનશો કે તમે નીચ છો, તો તમારી ઉન્નતિ શક્ય જ નથી. સદા ધ્યાનમાં રાખો કે તમે પ્રકાશના પુત્રો, અરે! સ્વયં પ્રકાશ છો. તમે આનંદ છો. પૂર્ણ છો, મુક્ત છો. મૃત્યુને મારવા માટે તમે આ પૃથ્વી પર અવતાર લઈને આવ્યા છો, એ કદીય ના ભૂલો. સદા ધ્યાનમાં રાખો કે તમે એ પયગંબરોના પુત્રો છો જેમણે માનવતાની દયા માટે પોતાની જિંદગીને ધૂળ જેમ ગણી હતી. જેમણે દિવસ ને રાત, આંસુ ને સ્મિતની વચ્ચે, એક જ ધ્યેયની ઝંખનાથી પોતાની છાતીને ભરી દીધી હતી. જેઓ પોતે પવિત્ર થયા હતા ને પછી જ બીજામાં પવિત્રતા પ્રસારતા. તમે એ ભૂમિના પુત્રો છો જે ભૂમિ ઋષિઓની ને તપસ્વીઓની, ત્યાગીઓની ને દૈવી ગુણસંપન્ન મહર્ષિઓની છે—જે ભૂમિમાં બીજાના સુખ માટે બનતું બધું છોડી દેવાય છે, ને આત્મપ્રતિ જવું એ જ મહત્ત્વનું લેખાય છે. આ બધું જાણીને ચાલવા માંડો. પ્રગતિને પંથે કૂચ કરવા માંડો. આજની સ્થિતિ સારી જ છે. બહુ જ સારી છે, ઈશ્વરે તે તમને ડહાપણપૂર્વક, તમારા આવતીકાલના



ઉત્કર્ષને લક્ષમાં રાખીને જ આપી છે, એ કદી ન ભૂલો. ઈશ્વર પર શ્રદ્ધાવાળો, ઈશ્વર પર શ્રદ્ધા રાખો.

* * *

જગતનાં બંધન આપણને બાંધી શકવાનાં નથી. સંસારમાં રહીને પણ આપણે તો સ્મિતને છોડ્યા કરવાના છીએ. આપણે પવિત્ર છીએ, મુક્ત છીએ, દિવ્ય છીએ. જન્મ અને મૃત્યુથી પર છીએ. સંસારમાં જે કામિની ને કાંચનની જાળ છે તે આપણે માટે નથી. આપણે પૂર્વજન્મના ઋષિવર હતા, મુક્ત હતા, એક અમર કામને માટે અહીં આવ્યા છીએ.

* * *

જે પોતાનું જીવન વ્યર્થ વિવાદ, ખાવું, પીવું ને મરવું તથા ઈન્દ્રિયોના વિલાસો પાછળ ગાળે છે, તેના જેવો અધમ બીજો કોઈ નથી.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એની વેદનામય કરુણ અવસ્થા જોઈને રામ અને લક્ષ્મણ બંનેના દુઃખનો પાર ના રહ્યો. એણે સીતા હરણની તથા રાવણ સાથે થયેલા પોતાના દ્વંદ્વયુદ્ધની વાત સંક્ષેપમાં કહી બતાવી અને કહ્યું, 'મેં એ નરાધમનો મારી મસગ્ર શક્તિથી સામનો કરીને સીતાને છોડાવવા માટે પુરુષાર્થ કરી જોયો પરંતુ એણે મને મારી નાંખવાની ઈચ્છાથી ભયંકર રીતે ઘાયલ કર્યો.'

તમારા દર્શનનો દેવદુર્લભ લાભ મેળવવા માટે હું જીવતો રહ્યો તેનો મને સંતોષ છે, પરંતુ મારો પ્રાણ હવે વધારે વાર નહિ ટકી શકે. રાવણે મને ભયંકર રીતે ઘાયલ કરીને પીડા પહોંચાડી છે છતાં પણ એનું મને જરા પણ દુઃખ નથી થતું. કારણ કે તમારી તથા સીતાની સેવા કરતાં કરતાં મને આ પીડા પ્રાપ્ત થઈ છે. અસંતોષ માત્ર એટલો જ છે કે એ સેવા અધૂરી રહી. એને હું સંપૂર્ણ ના કરી શક્યો. અને મારા શરીરમાં શ્વાસ રહેવા છતાં સીતાને એ દુરાચારી રાવણના હાથમાંથી છોડાવી ના શક્યો. એ અસંતોષની પીડા કાંઈ ઓછી નથી. મારા શરીરની પીડા કરતાં પણ પ્રાણની એ પીડા વધારે ઉત્કટ તથા મર્મભેદી છે.

રામે કહ્યું, 'જટાયુ, તમે તમારા કર્તવ્યનું પાલન સારી રીતે કરી બતાવ્યું છે. તેને લીધે તમારું જીવન તો મંગલમય બન્યું જ છે પરંતુ મૃત્યુ પણ મંગલમય બની ગયું છે. આવું મૃત્યુ કોઈક બડભાગીને જ પ્રાપ્ત થઈ શકે છે. પરાર્થે જીવાયેલું જીવન જ સાચું જીવન છે ને પરાર્થે પ્રાપ્ત થયેલું મૃત્યુ જ મધુમય તથા મૂલ્યવાન છે. તમારા મારા માટેના પ્રેમને માટે તમને ધન્યવાદ આપું છું. તમારી પાસેથી સીતાના સમાચાર સાંભળીને મને થોડીક નિરાંત થઈ ને રાહત મળી. સીતાને લઈને રાવણ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં



જશે તો પણ લક્ષ્મણની મદદથી હું એને શોધી કાઢીશ. પરંતુ સીતા એ રાક્ષસના હાથમાં પડીને કેવી રીતે જીવતી રહી શકશે?

'સીતાનો વિલાપ ખૂબ જ મર્મભેદી હતો. એના મુખમાંથી તમારું જ નામ નીકળ્યા કરતું'તું.' રામનું હૈયું ભરાઈ આવ્યું. એમની આંખ ટપકવા લાગી. જટાયુના શરીર પર એમણે હાથ ફેરવ્યો. એ સુધામય સ્પર્શ પામીને જટાયુનો પ્રાણ પુલકિત બની ગયો. એની આંખ ઉભરાઈ આવી.

રામના ચરણોમાં મસ્તક મૂકીને એણે ગદ્ગદ ભાવવિભોર સ્વરે કહેવા માંડયું. 'જીવનની છેલ્લી ક્ષણોમાં તમારું દેવદુર્લભ દર્શન થવા બદલ તથા તમારો સુધામય સ્વર સાંભળવાનું તેમ જ તમારા શીતળ સ્પર્શનું સૌભાગ્ય મળવા બદલ મારા આત્માને અનેરો આનંદ થઈ રહ્યો છે. એ આનંદના અલૌકિક અનુભવમાં મારી આંખ મીંચી રહ્યો છું ત્યારે અંતકાળને મારી આકાંક્ષા એટલી જ છે કે સંસારની આ સ્વર્ગીય સફરમાં મને જ્યાં પણ જન્મ મળે ત્યાં તમારા સ્મરણ, સહવાસ તેમ જ તમારી સુશ્રૂષાનું સૌભાગ્ય મળે અને આત્મા તમારા અસાધારણ અહેતુકી અનુગ્રહનો અનુભવ કર્યા કરે. સંસારની સફરમાં જો તમારો સાથ અને તમારો સ્નેહ મળી રહેશે તો જીવન ધન્ય બની જશે.'

અને બીજા શબ્દો બહાર નીકળે તે પહેલાં તો એનો આત્મા શરીરનો ત્યાગ કરીને વિદાય થયો. લોહી લુહાણ થયેલું જટાયુનું શરીર નિશ્ચેષ્ટ બની ગયું. લક્ષ્મણ તથા રામે એને અનુરાગનાં અનંત અશ્રુની અંજલિ આપી અને પછી એની દાહ ક્રિયા કરી. રામે ભાવવિભોર સ્વરે કહ્યું, 'લક્ષ્મણ જટાયુએ આપણી મોટી સેવા કરી.' 'સાચું છે.' લક્ષ્મણે સંમતિનો સૂર પૂરાવતાં કહ્યું, 'એ ના હોત તો આપણને સીતાના કશા જ સમાચાર ના મળત અને આપણું મન વધારે વ્યગ્ર બની જાત.'

'સીતાનું હરણ થયું છે એ જાણીને તો મારું મન વધારે ખિન્ન બની ગયું છે. રાવણ એને કોણ જાણે ક્યાં લઈ ગયો હશે. એની ભાળ નહિ મળે ત્યાં સુધી મારા મનને શાંતિ નહિ મળે.'

'આપણે આકાશ પાતાળ એક કરીને પણ એની ભાળ મેળવી લઈશું એવો મને વિશ્વાસ છે. ભલે થોડોક વધારે વિલંબ થાય કે થોડીક મુસીબત પડે પણ એ નરાધમના હાથમાંથી આપણે સીતાને છોડાવીશું તો ખરા જ.'

પંચવટી તરફથી પ્રવાસ કરતાં કરતાં અયોધ્યામાં આવી પહોંચેલા એક તપસ્વી ધર્મપ્રાણ મુનિએ ઊર્મિલાને તથા બીજા બધાંને સીતાના હરણના સમાચાર કહ્યા ત્યારે સૌના શોકનો પાર ન રહ્યો. કૌશલ્યા, કૈકયી ને સુમિત્રાની વેદના વધી ગઈ. શત્રુઘ્ન ને ભરતને પણ ભારે દુઃખ થયું.

ઊર્મિલા તો બેચેન બની ગઇ. એણે શત્રુઘ્નને તથા ભરતને કહ્યું, 'મારું સ્વપ્નું સાચું ઠર્યું. વિધાતાએ એને સાચું શા માટે કર્યું હશે? આ દ્વારા મને કેટલી બધા વેદના થઇ રહી છે?'

શત્રુઘ્ને કહ્યું, 'સીતાએ વનમાં જવું જ નહતું જોઇતું. રામ એની વનમાં જવાની હઠ આગળ નકામા નમી પડયા. સીતાને સાથે લઇને એ પોતે મુસીબતમાં મૂકાઇ ગયા.'

ભરતે કહ્યું, 'હવે જે થઇ ગયું તે થઇ ગયું. એનો અફસોસ કરવો ઠીક નથી. વિધિએ જે કર્યું છે તે સારા માટે જ કર્યું હશે. એમાં કોઇક શુભ હેતુ સમાયો હશે. એનું પરિણામ કાંઇક મંગલ જ આવશે. રામની શક્તિ અનંત છે અને લક્ષ્મણની પણ. એ સીતાને જરૂર પાછી મેળવશે. વ્યથા મને એક જ વાતની થાય છે કે રામે મને સાથે ના રાખ્યો, નહિ તો એમને તથા સીતાને માથે આ મુસીબત ના આવત.' (ક્રમશઃ)

## સુવાક્ય

વિષય તરફ પરમ વૈરાગ્ય હોવો એ જ સમાધિ કહેવાય છે. અને જેણે એ વૈરાગ્ય મેળવ્યો હોય તે પરમબ્રહ્મ પુરુષને નમસ્કાર હો.

વાસનારહિત જીવન તે જ મોક્ષરૂપ છે.

# સંત તુકારામની વાણી

પતિવ્રતા સ્ત્રી પોતાના મન, વાણી અને શરીર વડે પોતાના પતિ તરફ જ પ્રેમ રાખે છે. તે રીતે દેવના પ્રતિ અનન્ય અને અખંડ પ્રેમભાવ સમર્પિત કરીને ધૈર્ય રાખ્યાથી તમામ કાર્યની સિદ્ધિ થાય છે. ચાતક પક્ષી પૃથ્વી ઉપરના જળાશયો તરફ નજર પણ કરતું નથી. તરસથી તેનું ગળું સૂકાય જાય છે. અને કંઠે પ્રાણ આવી જાય છે, તો પણ તે તો ક્યારે વરસાદ વરસે અને તેનું એક ટીપું હું ઝીલી લઉં તેની જ એક નજરે રાહ જોતું બેસી રહે છે.

સૂર્યના પ્રકાશમાં ખીલનારી પક્ષિની રાત્રે ચંદ્રોદય થતાં ચંદ્રમાંથી ઝરતા અમૃતને ગ્રહણ કરતી નથી. પણ એ ચંદ્રનો ક્યારે અસ્ત થાય અને પાછો સૂર્ય ક્યારે ઉદય પામે તેની જ વાટ જોયા કરે છે. ગાય પોતાના વાછરડા સિવાય બીજા કોઇ વાછરડાંને પોતાની પાસે આવવા દેતી નથી. તુકારામ કહે છે કે ઉપર અનન્ય પ્રેમભાવના જે ચાર દૃષ્ટાંત આપ્યાં તે પ્રમાણે જ હરિની સાથે પ્રેમ જોડવો જોઇએ, અને પ્રાણ જાય પણ પોતાના ટેકને છોડવો નહિ. આવો દૃઢ નિશ્ચય કરીને કોઇ પોતાનો પ્રેમ અર્પણ કરશે તો તેની સાથે મારા વિઠોબા વાર્તાલાપ કરશે.

સંત તુકારામ

ADHYATMA Regd. No. GBV 113

## માયામાં પડેલા કોણ કહેવાય?

કેટલાક માણસોને સ્ત્રીસંતાન, સગાં સ્નેહી ને ઘર તરફ નફરત હોઈ તેમાં રસ લેતાં માણસોને તે માયામાં પડેલાં માને છે. એકાંતમાં રહેનારા સાધુપુરુષો પણ જો કોઈ નાનીમોટી પ્રવૃત્તિ કરે તો તે માયામાં પડી ગયા એમ કહેવામાં આવે છે, પણ તે પ્રમાણે કહેવું ને માનવું બરાબર નથી. સ્ત્રીસંતાન ને સગાંસ્નેહીની વચ્ચે રહેવાથી કોઈ માયામાં પડી જતું નથી. ઘરમાં રહેવાથી ને પ્રવૃત્તિ કરવાથી પણ કોઈ માયામાં પડી જતું નથી. માયાનું સ્વરૂપ તો જુદું છે. માણસ બહારથી જોતાં ગમે તેવા વાતાવરણમાં રહે તે વસ્તુ બહુ મહત્ત્વની નથી. વધારે મહત્ત્વની વાત તો એ છે કે તે ભગવાનને ભૂલે છે કે નહીં અથવા તો પોતાની જાતના વિકાસથી વિમુખ થાય છે કે નહીં. તેના પરથી જ તે માયામાં પડ્યો છે કે કેમ તે નક્કી થાય છે. જે ભગવાનને ભૂલી જાય છે અથવા પોતાની અંદર રહેલા પરમાત્માને ઓળખવાનો પ્રયાસ કરતા નથી, તે માયામાં ડૂબેલા છે. તે ઉપરાંત, જે અહંકાર, મમતા, સ્વાર્થખોરી ને રાગદ્વેષમાં રમી રહ્યા છે, તે પણ માયાના શિકાર થયેલા છે તેવા માણસો માનવતાવિહોણા બને છે. તે નરાધમ કહેવાય છે ને મૂઢ થઈને ફરે છે, દુષ્ટ કર્મો કરે છે ને સંસારમાં ત્રાસ ફેલાવે છે. માયાના દાસ બનેલા તે માણસો ભગવાનનું શરણ લેતા નથી ને ભગવાનની પ્રાપ્તિ કરી શકતા નથી.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.